بسم الله الرحمن الرحيم

# ☆ બે બોલ ☆

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની મોટા ભાગની કૃતિઓ તદ્દન ઈલ્મી તથા તહકીકી છે. તેમના ઘણા ઈસ્લાહી લખાણોમાં પણ ઈલ્મી રંગ ઝલકવા લાગે છે. ફારસી લખાણનો તો આપ તર્જુમો કરતા જ ન હતા કેમ કે તેને ઉર્દૂનું સ્થાન આપે છે, એટલા માટે કે તેમના સમયમાં ફારસીનો અધિક રિવાજ હતો. કોઈ પણ એજ્યુકેટેડ ઘરાનુ ફારસીથી ભાગ્યે જ અજ્ઞાત હોય.

હવે દૌર બદલાયો છે, હિન્દુસ્તાનમાં ફારસી તથા અરબીનું સ્થાન હિંદી તથા અંગ્રેજીએ લીધું છે. કિતાબોનો શોખ પણ હવે ઉપર છેલ્લો રહી ગયો છે. ઈલ્મી તથા તહકીકી કિતાબો તો શું લોકો સામાન્ય તારીખી (ઐતિહાસિક) તથા અદબી (સાહિત્યિક) કિતાબો પણ નથી વાંચતા ! કહાનીઓ અને નોવેલોની લગભગ ઘરોમાં હુકૂમત જોવા મળે છે.

જે લોકો ઈસ્લાહી તથા ઈલ્મી કિતાબો વાંચે છે તેમનો પણ ઈલ્મી શોખ કાંઈ બહુ ઊંચો નથી હોતો કેમ કે છેવટે તેઓ પણ એ જ માહોલમાં રહે છે. માહોલની આશ્ચર્યજનક અસરનું પરિણામ છે કે મોટા ભાગના આલિમોમાં પણ તે ઈલ્મનો તથા તેહકીકનો શોખ મરી પરવાર્યો છે કે જે તેમનો હક્ક છે, આમ લોકો તો ઠીક પણ આલિમ તબકાની આ હાલત છે !

આ સંજોગોને લક્ષમાં લઈને ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہની કૃતિઓને આમ કરવા માટે જરૂરી છે કે તેને અવામની રૂચી (શોખ)





પ્રમાણે સરળ બનાવીને રજુ કરવામાં આવે. બિરાદરે મોહતરમ હઝરત મૌલાના અબ્દુલમુબીન નોઅ્માની સાહબે કિતાબ 'હુકૂકે વાલિદૈન'ને નવસંપાદિત કરીને રજુ કરી છે જે રિસાલા મુબારક 'શરહુલ્ હુકૂક બિતર્હિલ ઉકૂદ' વગેરેનો ખુલાસો છે. મુહિબ્બે મોહતરમની પ્રકાશિત કરેલ કિતાબ ' ઈર્શાદાતે આ'લા હઝરત' જે પ્રકારની તૈયાર કરી છે એ જ પ્રકારે' હકૂકે અવ્લાદ' છે જેનું અસલ નામ ‘‘મશ્અલતુલ ઈર્શાદ ઈલા હુકૂકિલ ઔલાદ’’ હતું. એમાં જો કે કોઈ ખુલાસો વિસ્તાર્યો નથી પણ પેરેગ્રાફનો ફેરફાર અને નવેસરથી હક્કો ગણત્રીમાં રજુ કરીને સામાન્ય જણને સમજાય તેવું નામ રાખીને આખી કિતાબ નવી બનાવી છે. તદ્ઉપરાંત હાશિયામાં કેટલાક કઠિન શબ્દોના અર્થો પણ લખી આપ્યા છે. અગાઉ છપાયેલ જૂની કિતાબને જો આ 'તરતીબે નોઅ્માની' સાથે સરખાવામાં આવે તો લાભ પામવામાં તથા મકબૂલિયતમાં દેખીતો તફાવત જણાઈ આવશે......

**મુહમ્મદ અહમદ ભૈરવી મિસ્બાહી**

સભ્ય–અલ્ મજમઉલ ઈસ્લામી

(મુબારકપુર, યુ.પી.)

بسم الله الرحمن الرحيم

# ☆ મા બાપના હક્કો ☆

وَقَضٰى رَبُّكَ اَلَّا تَعْبُدُوْٓا اِلَّآ اِيَّاهُ وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا ۚ
اِمَّا يَبْلُغَنَّ عِنْدَكَ الْكِبَرَ اَحَدُهُمَآ اَوْ كِلٰهُمَا فَلَا تَقُلْ
لَّهُمَآ اُفٍّ وَّلَا تَنْهَرْهُمَا وَقُلْ لَّهُمَا قَوْلًا كَرِيْمًا وَاخْفِضْ
لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ وَقُلْ رَّبِّ ارْحَمْهُمَا
كَمَا رَبَّيٰنِيْ صَغِيْرًا (پ ۱۵ ع ۳)

"અને તમારા રબે હુકમ ફર્માવ્યો કે એના સિવાય કોઈને ન પૂજો અને મા બાપની સાથે સારો વર્તાવ કરો જો તમારી સમક્ષ તેઓમાંનાં એક અથવા બંને ઘડપણમાં પહોંચે (કમજોરી છવાઈ જાય, અંગોમાં શકિત ન રહે અને જેવો તું બચપનમાં એમની પાસે શકિતહિન હતો એવાં જ તેઓ અંતિમ વયે અશકત તારી પાસે રહી જાય) તો તેમને 'ઉફ' ન કહેશો. (એટલે કે એવો કોઈ શબ્દ મોઢેથી જેનાથી એ સમજાય કે એમના પ્રતિ તમારા સ્વભાવમાં કાંઈ ભાર પડે છે.) અને તેમને ધમકાવશો નહીં અને તેમની સાથે તાઝીમની વાત કહેશો (અને સારી રીતે અદભેર તેમની સાથે વાત કરશો) અને તેમના માટે આજિઝીનો બાઝુ (હાથ) નરમ દિલથી બિછાવશો. (એટલે કે નમ્રતાપૂર્વક તેમની સમક્ષ રહે અને તેમની સાથે કમજોરીના સમયમાં હેત તથા મહોબ્બતનો વર્તાવ કરે કે તેમણે તારી લાચારીઓના સમયે તને મહોબ્બતથી ઉછેર્યો અને જે ચીજની એમને જરૂરત હોય તેના માટે ખર્ચ કરવામાં અચકાઈશ નહીં) અને અર્ઝ કરી કે, અય માર રબ ! તું આ બંને પર રહમ કર જેવી કે આ બંનેવે મને બચપણમાં પાળ્યો.) (મતલબ એ કે દુનિયામાં સદ્‌વર્તાવ કરવામાં અને ખિદમતમાં ગમે તેટલી અતિશયોકિત કરવામાં આવે પરંતુ વાલિદૈન (મા બાપ)ના એહસાનનો હક્ક અદા નથી થતો, એટલા માટે બંદાએ જોઈએ કે





બારગાહે ઈલાહીમાં તેમના પર ફઝ્લો રહમત ફર્માવવાની દુઆ કરે અને અર્ઝ કરે કે, અય મારા રબ ! મારી ખિદમત તો તેમના એહસાનનો બદલો નથી થઈ શકતી જેથી તું તેમના પર કરમ કર કે તેમના એહસાનનો બદલો થાય.) *(પા. ૧૫, રુ–૩)*

**ફાયદાઓ** :– (૧) માં બાપને તેમનાં નામ લઈને ન પોકારો કેમ કે એ અદબની વિરૂધ્ધ અને એમાં એમના દિલને રંજ પહોંચશે, પરંતુ તેઓ સામે ન હોય તો નામ લઈને તેમનો ઉલ્લેખ કરવો જાઈઝ છે.

(૨) મા બાપની સાથે એવી રીતે વાત કરે જેવી રીતે ગુલામ કે નોકર માલિક સાથે કરે છે.

(૩) આયત **રબ્બિર્હમહુમા**......થી સાબિત થયું કે મુસલમાન માટે રહ્‌મત તથા મગ્‌ફિરતની દુઆ જાઈઝ અને તેને ફાયદો પહોંચાડનારી છે. મુર્દાના ઈસાલે સવાબમાં પણ તેમના માટે રહ્‌મતની દુઆ થાય છે જેથી એના માટે આ આયત (દલીલ રૂપ) છે.

(૪) મા બાપ કાફિર હોય તો તેમના માટે હિદાયત તથા ઈમાનની દુઆ કરે કે એ જ તેમના હક્કમાં રહ્‌મત છે. *(કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન)*

એક અન્ય ઠેકાણે બની ઈસ્રાઈલથી પોતાના અહદ (વાયદા)ને યાદ અપાવતાં ખુદા તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો :–

وَاِذْ اَخَذْنَا مِيْثَاقَ بَنِيْٓ اِسْرَآءِيْلَ لَا تَعْبُدُوْنَ اِلَّا اللّٰهَ
وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا (البقرة)

"અને જ્યારે અમે બની ઈસ્રાઈલથી વાયદો લીધો કે અલ્લાહ સિવાય કોઈને ન પૂજો અને મા બાપની સાથે ભલાઈ કરો. *(તર્જુમાએ રઝવિય્યહ્‌)*

આ આયત અને એનાથી આગલી આયતમાં અલ્લાહ તઆલાએ પોતાની ઈબાદતનો હુકમ આપ્યો. એનાથી જાણવા મળ્યું

કે મા બાપની ખિદમત અતિશય જરૂરી છે. મા બાપની સાથે ભલાઈનો એ મતલબ છે કે એવી કોઈ વાત ન કહે અને એવું કામ ન કરે. જેનાથી તેમને તકલીફ થાય અને પોતાના શરીર તથા માલ વડે તેમની ખિદમતમાં ખચકાટ ન રાખે, જ્યારે તેમને જરૂરત હોય ત્યારે પાસે હાજર રહે.

**મસાઈલ :–** (૧) જો મા બાપ તેમની સેવા અર્થે નફ્લ છોડવાનો હુકમ આપે તો તેમની ખિદમત નફ્લ કરતાં અગ્રિમતા ધરાવે છે.

(૨) વાજિબો મા બાપના હુકમથી છોડી શકાતા નથી.

મા બાપની સાથે એહસાનના કેટલાક તરીકા જે હદીષોથી સાબિત છે :

(૧) સાચા દિલથી તેમની સાથે મહોબ્બત રાખે.

(૨) વાતચીત, ઉઠક બેઠકમાં તેમની સાથે અદ્‌લ અનિવાર્ય રીતે જાળવે.

(૩) તેમની શાનમાં તાઝીમના શબ્દો ઉચ્ચારે.

(૪) તેમને રાજી કરવાની કોશિશ કરતો રહે.

(૫) પોતાના ઉમદા માલને તેમનાથી ન બચાવે.

(૬) તેમના મૃત્યુ બાદ તેમની વસિય્યતોને નિભાવે.

(૭) તેમના માટે ફાતેહા, સદકા, તિલાવતે કુર્આનથી ઈસાલે સવાબ કરે.

(૮) અલ્લાહ તઆલાથી તેમની મગફિરતની દુઆ કરે.

(૯) અઠવાડિક રીતે તેમની કબરની ઝિયારત કરે.

*(તફસીરે ફતહુલ અઝીઝ, ખઝાઈનુલ્ ઈર્ફાન)*

એક અન્ય ઠેકાણે મા બાપની સાથે સદ્‌વર્તાવ (હુસ્ને સુલૂક)ની તાકીદ કરતાં હુકમ ફર્માવ્યો :–

وَصَاحِبْهُمَا فِي الدُّنْيَا مَعْرُوفًا (لقمٰن پ۲۱ ع۱۱)





"અને દુનિયામાં સારી રીતે તેમનો સાથ આપે." *(લુકમાન, પા. ૨૧, રૂ.૧૧)*

એક અન્ય ઠેકાણે ખાસ મા બાપની તકલીફોને યાદ અપાવીને તેમની સાથે એહસાન કરવાનો હુકમ ફર્માવ્યો :–

وَوَصَّيْنَا الْإِنْسَانَ بِوَالِدَيْهِ إِحْسَانًا ۖ حَمَلَتْهُ أُمُّهُ كُرْهًا وَوَضَعَتْهُ كُرْهًا ۖ وَحَمْلُهُ وَفِصَالُهُ ثَلَاثُونَ شَهْرًا (پ۲۶ ع۲)

"અને અમે આદમીને હુકમ કર્યો કે પોતાના મા બાપ સાથે ભલાઈ કરે, તેની માંએ તેને પેટમાં તકલીફ સાથે રાખ્યો અને તકલીફ સાથે તેને જન્મ આપ્યો અને તેને ઉઠાવીને ફરવું અને તેનું દૂધ છોડવવું ત્રીસ મહીનામાં છે. *(પા. ૨, રૂ.૨)*

મા બાપની સાથે સદ્‌વર્તાવનો મામલો કેવળ જાઈઝની હદો સુધી જ હોવો જોઈએ, એવું નથી કે તેમની દિલદારીમાં કોઈ ગલત અને ગૈર શરઈ કદમો પણ જાઈઝ સમજી લેવામાં આવે. એના અનુસંધાનમાં કુર્આનની સ્પષ્ટ હિદાયત મૌજૂદ છે. ઈર્શાદે બારી છે :–

وَوَصَّيْنَا الْإِنْسَانَ بِوَالِدَيْهِ حُسْنًا ۖ وَإِنْ جَاهَدَاكَ لِتُشْرِكَ بِي مَا لَيْسَ لَكَ بِهِ عِلْمٌ فَلَا تُطِعْهُمَا (پ۲۰ ع۱۳)

"અને અમે આદમીને તાકીદ કરી પોતાનાં મા બાપની સાથે ભલાઈની અને જો તે તારાથી કોશિશ કરે કે તું મારો શરીક (ભાગીદાર) ઠરાવે જેનો તને ઈલ્મ નથી, તો તેમનું કહ્યું ન માન." *(પા. ૨૦, રૂ. ૧૩)*

આ આયતનો શાને નુઝૂલ એ છે કે હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ જેઓ સાબિકીને અવ્વલીન (શરૂઆતના) સહાબીઓમાંથી છે અને પોતાનાં વાલિદાની સાથે સારો સુલૂક

(સદ્‌વર્તાવ) કરતા હતા. જ્યારે ઈસ્લામ લાવ્યા તો તેમનાં વાલિદા હમ્નહ્ બિન્તે અબૂ સુફયાને કહયું કે, તેં આ શું નવુ કામ કર્યું ? ખુદાની કસમ ! જો તું એનાથી અલગ નહીં થાય (ઈસ્લામ નહીં છોડે) તો ખાઈશ પીશ નહીં, એટલે સુધી કે હું મરી જઈશ અને તારી બદ્‌નામી થશે અને લોકો તને માંનો હત્યારો કહેશે ! ત્યાર પછી તે વૃધ્ધાએ એક રાત દિવસ ન ખાધુ ન પીધુ ન છાંયડામાં બેઠી, જેથી કમજોર થઈ ગઈ. ફરી બીજો એક દિવસ તથા રાત એ જ પ્રમાણે રહી. ત્યારે હઝરત સઅદ તેણી પાસે આવ્યા અને કહ્યું, "હે માં ! જો તારી સો જાનો હોય અને એક એક કરીને સર્વે નીકળી જાય તો પણ હું મારો દીન (ઈસ્લામ) છોડવાનો નથી ! તુ ચાહે ખા ચાહે ન ખા !" જ્યારે સઅદની તરફથી નિરાશ થઈ ગઈ તો ખાવા પીવા લાગી. એના પર અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી અને હુકમ આપ્યો કે માં બાપ સાથે સદ્‌વર્તાવ કરવામાં આવે, પણ જો તેઓ કુફ્ર તથા શિર્કનો હુકમ આપે તો માનવામાં ન આવે, કેમ કે **એવી ઈતાઅત (ફર્માબરદારી) કોઈ મખ્લૂકની જાઈઝ નથી જેમાં ખુદાની નાફર્માની થાય.** *(ખઝાઈન)*

## ★ મુબારક હદીષો ★

વાલિદૈન (મા બાપ)ની સાથે હુસ્ને સુલૂક (સદ્‌વર્તાવ) અને તેમના હક્કોની સાચવણીના વિશે હુઝૂર સૈયદ આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે :–

**(૧)** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ એક વાર ફર્માવ્યું, "તેનું નાક ધૂળમાં મળે, તેનું નાક ધૂળમાં મળે, તેનું નાક ધૂળમાં મળે !" અર્ઝ કરવામાં આવી કે, કોનું યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવ્યું, "એનું જેણે વૃધ્ધ મા બાપ અથવા એ બે માંથી કોઈ એકને પામ્યાં છતાં જન્નતી ન થયો." એટલે કે તેમની ખિદમત ન કરી અને ન કોઈ અન્ય રીતે તેમને રાજી રાખ્યાં, જેના લીધે તે જન્નતનો હકદાર ન થયો. આ સખત વઈદ (ચેતવણી)થી મા બાપની નાફર્માની કરનારાઓ સબક હાંસલ કરે અને પોતાનો બુરો શો અંજામ છે તે જાણી લે. *(મુસ્લિમ*





*શરીફ ષાની, પેજ–૩૧૪, મિશ્કાત શરીફ–૪૧૮)*

**(૨)** હુઝૂર મોહસિને ઈન્સાનિયત صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, વાલિદૈન (મા બાપ)ની નાફર્માનીથી બચો ! એટલા માટે કે જન્નતની ખુશ્બુ હજાર વરસના અંતર સુધી આવે છે. અને મા બાપનો નાફર્માન તેની ખુશ્બુ સુંઘી શકશે નહીં. અને એ જ પ્રમાણે રિશ્તો (સંબંધ) તોડનાર, વૃધ્ધ વ્યભિચારી અને ઘમંડમાં પોતાનું તેહબંદ ઘૂંટીની નીચે લટકાવનારા પણ જન્નતની ખુશ્બુ પામશે નહીં. ત્યાર બાદ હુઝૂરે ફર્માવ્યું, બેશક ! કિબ્રિયાઈ (બડાઈ) તો કેવળ રબ્બુલ આલમીનને જ લાયક છે. *(તફસીરે મદારિક, ભાગ–૨, પેજ–૩૧૨, અહયાઉલ કુતુબ–મિસ્ર)*

**(૩)** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું કે, "કબીરા ગુનાહોમાંથી એ પણ છે કે કોઈ શખ્સ પોતાના મા બાપને ગાળ આપે." સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું કોઈ પોતાના મા બાપને પણ ગાળ આપે છે ?! હુઝૂરે ફર્માવ્યું, હા ! જ્યારે કે તે કોઈ વ્યક્તિના મા બાપને ગાળ આપે અને જવાબમાં તે તેના મા બાપને ગાળ આપે તો જાણે એણે પોતે જ પોતાના મા બાપને ગાળ આપી. *(મિશ્કાત, પેજ–૪૧૯)*

**(૪)** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે, અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું કે, ત્રણ દુઆઓ એવી છે જેના કબૂલ થવામાં કોઈ શક નથી, મઝલૂમ (જુલ્મ પામનાર)ની દુઆ, મુસાફિરની દુઆ અને મા બાપની પોતાના પુત્ર પર બદદુઆ.

જેથી ઔલાદે જોઈએ કે હમેશાં એવી હરકતથી પરહેઝ કરે જેના સબબે મા બાપે તેના હક્કમાં બદ્‌દુઆ કરવી પડે, અને મા બાપે પણ શકય ત્યાં સુધી તેમના પર બદ્‌દુઆ કરવાથી બચવું જોઈએ, નહીં તો તે કબૂલ થઈ જતાં પોતે જ પસ્તાવું પડશે, જેમ કે એવું બને છે. *(તિર્મિઝી, ભાગ–૨, પેજ–૧૩)*

**(૫)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, જે પણ આજ્ઞાંકિત ફરઝંદ પોતાના મા બાપને

એકવાર રહમની (મહોબ્બતભરી) નજરથી જુએ તો અલ્લાહ તઆલા તેના બદલામાં એક મકબૂલ હજ્જ લખશે. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! દિવસમાં સો વખત જુએ તો પણ ?! ફર્માવ્યું, હા ! અલ્લાહ ઘણો જ મહાન તથા ઘણો જ પાક છે.

**(૬)** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે મોટા ગુનાહોમાંથી છે :–

(૧) અલ્લાહ સાથે શિર્ક કરવું (કોઈ ભાગીદાર દર્શાવવો) (૨) મા બાપની નાફર્માની કરવી (૩) કોઈ જાનને (શરઈ કારણ વિના) કત્લ કરવો (૪) જૂઠી કસમ ખાવી. *(મિશ્કાત, પેજ–૧૭, બહવાલા બુખારી)*

**(૭)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, કિયામતના દિવસે સૌથી અધિક અઝાબવાળો તે હશે જેણે કોઈ નબીને કત્લ કરી દીધા અથવા જેને કોઈ નબીએ કત્લ કર્યો હોય અથવા જેણે પોતાના મા બાપમાંથી કોઈ એકને કત્લ કર્યું હોય અને **તસ્વીર ખેંચનારાઓ (ફોટોગ્રાફરો, તસ્વીરકારો)** અને તે આલિમને પણ સૌથી વધુ અઝાબ થશે જેણે પોતાના ઈલ્મથી લાભ ન હાંસલ કર્યો. (દુર્રે મન્સૂર–૧૮૪/૪)

**(૮)** હઝરત અબૂ રઝીન ઓકૈલી رضی اللہ عنہ થી રિવાયત છે કે તે રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતે અકદસમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! યકીનન ! મારા મા બાપ ઘણાં જ વૃધ્ધ છે જેઓ હજ્જ તથા ઉમરા અને સફરની શકિત નથી ધરાવતાં. ફર્માવ્યું, તમે તમારા બાપની તરફથી હજ્જ તથા ઉમરા કરો. *(મિશ્કાત, પેજ–૨૨૨)*

**(૯)** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં એક શખ્સ આવ્યો અને તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારાથી એક મહાન ગુનોહ થઈ ગયો છે તો શું મારી તૌબા કબૂલ થઈ શકે છે ? ફર્માવ્યું, શું તારી મા છે ? અર્ઝ કરી, નહીં !





ફર્માવ્યું, તારી કોઈ માસી છે ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, તેણીની સાથે સારો વર્તાવ કર ! *(મિશ્કાત, પેજ–૪૨૦)*

આ પરથી જાણવા મળ્યું કે મા બાપ અથવા માસી સાથે સદ્‌વર્તાવ કરવાથી ઘણાયે ગુનાહો માફ થઈ જાય છે અને તેના કારણે નેકીઓની તૌફીક મળે છે.

**(૧૦)** હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તે શખ્સે પોતાના બાપની સાથે સારો વર્તાવ ન કર્યો જેણે પોતાના બાપને તીવ્ર દ્રષ્ટિએ (કડક નજરે) જોયો. એટલે કે નજરોથી નારાજગી પ્રદર્શિત કરી. *(તફસીરે દુર્રે મન્સૂર, ૧૭૧/૪)*

**(૧૧)** હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂરે અનવર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, જે ઈચ્છે કે અલ્લાહ તઆલા ઉમરમાં બરકત આપે, તેની રોજી વધે, તો તેણે જોઈએ કે પોતાના મા બાપની સાથે સારો વર્તાવ કરે અને પોતાના સગાંઓ સાથે સંબંધ જોડલા રાખે. *(દુર્રે મન્સૂર, ૧૭૩/૪)*

**(૧૨)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલે મુકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે **તમે અન્યની ઔરતોથી પરહેઝ કરીને પાક દામન થઈ જાવ, એવું કરવાથી તમારી ઔરતો પાક દામન રહેશે અને તમારા પિતાની સાથે સદ્‌વર્તાવ કરો કે એવું કરવાથી તમારા પુત્રો તમારા સાથે સદ્‌વર્તાવ કરશે** અને જે શખ્સની પાસે તેનો ભાઈ માફી માગે તો તેની માફી કબૂલ કરી લેવી જોઈએ, ભલે તે હક્ક પર હોય કે નાહક્ક પર હોય. જો કોઈએ એવું ન કર્યું (એટલે માફી કબૂલ ન કરી) તો તે મારા હૌઝે કૌષર પર ન આવે, એટલે કે તેને મારા હૌઝે કૌષરથી સૈરાબ (તૃપ્ત) થવાનો હક્ક નથી. *(મુસ્તદરક, હાકિમ, ૧૫૪/૪)*

## ★ માં બાપમાં કોનો હક્ક વધુ ? ★

ઔલાદ પર બાપનો હક્ક અતિ મહાન છે અને માંનો હક્ક

તેનાથી પણ મહાન છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَوَصَّيْنَا الْإِنْسَانَ بِوَالِدَيْهِ إِحْسَانًا ۖ حَمَلَتْهُ أُمُّهُ كُرْهًا وَوَضَعَتْهُ كُرْهًا ۖ وَحَمْلُهُ وَفِصَالُهُ ثَلَاثُونَ شَهْرًا ۚ

"અને અમે તાકીદ કરી માણસને પોતાના મા બાપ સાથે નેક વર્તાવની. તેને પેટમાં રાખીને રહી તેની માં તકલીફની સાથે, અને તેનું પેટમાં રહેવું તથા દૂધ પીવું ત્રીસ મહિનામાં છે." *(પા. ૨૬, રૂ.૨)*

આ આયતે કરીમામાં રબ્બુલ ઈઝ્ઝતે માં બાપ બંનેના હક્કમાં તાકીદ ફર્માવીને માંને પછી ખાસ અલગ કરીને દર્શાવી અને તેણીની એ સખ્તીઓ તથા તકલીફોને જે તેણીની ગર્ભ તથા જન્મ આપતી વેળા અને બે વરસ સુધી પોતાના લોહીનો અર્ક પીવડાવવામાં પડી જેના લીધે તેણીનો હક્ક ઘણો સખ્ત તથા મહાન થઈ ગયો.

એ જ પ્રમાણે બીજી આયતમાં ફર્માવ્યું :–

وَوَصَّيْنَا الْإِنْسَانَ بِوَالِدَيْهِ ۚ حَمَلَتْهُ أُمُّهُ وَهْنًا عَلَىٰ وَهْنٍ وَفِصَالُهُ فِي عَامَيْنِ أَنِ اشْكُرْ لِي وَلِوَالِدَيْكَ ۔

"તાકીદ કરી અમે માણસને તેનાં મા બાપના હક્કમાં, પેટમાં રાખ્યો તેને તેની માંએ સખ્તી પર સખ્તી ઉઠાવીને અને તેના દૂધનું છૂટવું બે વરસમાં છે, એ કે હક્ક માન મારો અને પોતાના માં બાપનો. *(પા. ૨૧, રૂ.૧૧)*

(આ આયતની તફસીરમાં હઝરત સુફયાન ઈબ્ને ઐનિયહ્એ ફર્માવ્યું કે જેણે પંજગાના નમાઝ અદા કરી તે અલ્લાહનો શુક્ર બજાવી લાવ્યો અને જેણે પંજગાના નમાઝ બાદ વાલિદૈન માટે દુઆઓ કરી તેણે વાલિદૈનની શુક્ર ગુઝારી કરી. *(ખઝાઈનુલ ઈર્ફાન –નોઅ્માની)*

અહીં મા બાપના હક્કની કોઈ મર્યાદા ન રાખી કેમ કે તેને પોતાના મહાન (જલીલ) હક્કની સાથે ગણ્યો. ફર્માવે છે, "શુક્ર બજાવી





લાવ મારો અને તારા મા બાપનો !"

આ બંને આયતો અને એ પ્રમાણે ઘણી હદીસો દલીલ રૂપ છે કે માંનો હક્ક બાપના હક્કથી અધિક છે.

**(૧)** ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે, મેં હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને અર્ઝ કરી, સ્ત્રી પર સૌથી મોટો હક્ક કોનો છે ? ફર્માવ્યું, પતિનો. મેં અર્ઝ કરી, અને પુરૂષ પર સૌથી મોટો હક્ક કોનો છે ? ફર્માવ્યું, તેની માં નો. *(રિવાયત કરી બઝ્ઝારે હસન તથા હાકિમની સનદથી)*

**(૨)** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે, એક શખ્સે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં આવીને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! સૌથી અધિક કોણ એ લાયક છે કે જેની હું ખિદમત (ખૈરખ્વાહી) કરું ? ફર્માવ્યું, તારી માં. અર્ઝ કરી. પછી ? ફર્માવ્યું, તારો બાપ. *(બુખારી, મુસ્લિમ)*

**(૩)** ત્રીજી હદીષમાં છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હું માણસને વસિયત કરું છું, તેની માં ના હક્કમાં, વસિયત કરું છું તેની માંના હક્કમાં, વસિયત કરું છું તેની માંના હક્કમાં, વસિયત કરું છું તેના બાપના હક્કમાં. *(રિવાયત કરી ઈમામ અહમદ તથા ઈબ્ને માજહ્ તથા હાકિમ તથા બયહકીએ સુનનમાં અબી સલામહ્થી)*

પણ આ (હક્કમાં) અધિકતાનો મતલબ એ છે કે ખિદમત આપવામાં બાપ ઉપર માને અગ્રિમતા આપે. દા.ત. સો રૂપિયા છે અને કોઈ ખાસ કારણ માંને અગ્રિમતા આપવામાં આડરૂપ નથી તો બાપને **૨૫** અને માંને **૭૫** આપે. અથવા માં બાપ બંનેએ એક સાથે પાણી માંગ્યું તો પ્રથમ માંને પીવડાવે પછી બાપને. અથવા બંને સફરમાંથી આવ્યાં હોય તો પ્રથમ માંની ખિદમત કરે પછી બાપની, એ જ પ્રમાણે દરેક મામલામાં કરે. એવું નહીં કે મા બાપમાં આપસમાં તંગ વાતાવરણ થાય તો માંનો સાથ આપે અને મઆઝલ્લાહ બાપને તકલીફ પહોંચાડે ? અથવા તેના પર કોઈ રીતે સખ્તી કરે અથવા તેને

જવાબ આપે અથવા ઉધ્ધતાઈપૂર્વક આંખ મિલાવીને વાત કરે. આ સર્વ વાતો હરામ છે અને અલ્લાહ ﷻની ના ફર્માનીમાં ન માંની ઈતાઅત છે ન બાપની, માટે તેણે કોઈ એકનો સાથ આપવો હરગિઝ જાઈઝ નથી. તે બંનેવ તેની જન્નત તથા દોઝખ છે, એકને પણ ઈજા આપશે તો પોતે જહન્નમનો હક્કદાર થશે. વલ્અયાઝુ બિલ્લાહિ તઆલા.

અલ્લાહની નાફર્માનીમાં કોઈની ફર્માબરદારી નથી. દા. ત. જો માં ચાહતી હોય કે તે કોઈ રીતે બાપને તકલીફ આપે, અને એ ન માને તો માં નારાજ થઈ જાય છે તો એવા સંજોગોમાં માંને નારાજ થવા દે, પણ હરગિઝ તેણીની એ વાત ન માને. એ જ રીતે બાપની તરફથી માંને તકલીફ પહોંચાડવા વિશેની ઓફર હોય તો હરગિઝ ન માને, ભલે બાપ નારાજ થાય. આ તેમનો નર્યો જુર્મ છે કે પુત્રથી અલ્લાહની નાફર્માની ઈચ્છે છે ! બલ્કે ઉલ્માએ એની વહેંચણી આ પ્રમાણે કરી છે કે ખિદમતમાં માંને પ્રાધાન્ય આપે જેનાં દ્રષ્ટાંતો હું વર્ણવી ચૂકયો અને તાઝીમ બાપની અધિક છે કે તે તેની માંનો પણ હાકિમ તથા આકા છે.

## ★ મૃત્યુ બાદ માં બાપના હક્કો ★

**(૧)** સૌ પ્રથમ હક્ક તેમના મૃત્યુ બાદ જનાઝાની વ્યવસ્થા કરવી, ગુસ્લ તથા કફન, નમાઝ તથા દફન છે. અને આ કામોમાં સુન્નતો તથા મુસ્તહબ બાબતોની કાળજી રાખે. જેથી તેમના માટે દરેક ખૂબી તથા બરકત તથા રહમત તથા સઆદતની ઉમ્મીદ હોય.

(૨) તેમના માટે દુઆ તથા ઈસ્તિગ્ફાર હમેશાં કરતા રહેવું, એનાથી કદી ગફલત ન વર્તવી.

(૩) સદકા, ખૈરાત, નેક અમલોનો સવાલ તેમને શકિત અનુસાર પહોચાંડતા રહેવું અને તેમાં કમી ન કરવી. પોતાની નમાઝની સાથે તેમના માટે પણ નમાઝ પઢે, પોતાના રોઝાઓની સાથે તેમના





માટે પણ રોઝા રાખે. બલ્કે જે પણ નેક કામ કરે તે સર્વનો સવાબ તેમને અને સર્વ મુસલમાનોને બખ્શી આપે કે તે સર્વેને સવાબ પહોંચી જશે અને એના સવાબમાં કોઈ કમી થશે નહીં, બલ્કે ઘણી તરક્કી પામશે.

**(૪)** તેમના માથે કોઈ કરજ કોઈનું હોય તો તેને અદા કરવામાં અતિશય કક્ષાની જલ્દી તથા કોશિશ કરે અને પોતાના માલથી એ કરજ અદા કરવામાં બંને જહાનની સઆદત (નેકબખ્તી) સમજે. પોતે શકિતમાન ન હોય તો કુટુંબીઓ, સગાઓ તથા અન્ય સારા લોકોની મદદ તેને અદા કરવામાં લે.

**(૫)** તેમના માથે કોઈ ફર્ઝ રહી ગયો હોય તો શકિત અનુસાર તેને અદા કરવામાં કોશિશો કરે. હજ્જ ન કરી હોય તો જાતે તેમના તરફથી હજ્જ કરે અથવા અથવા હજ્જે બદલ કરાવે. ઝકાત તથા ઉશ્ર એમના માથે રહી ગયું હોય તો તેને અદા કરે, નમાઝ તથા રોઝા બાકી હોય તો તેનો કફ્ફારો આપવો તથા એ જ પ્રમાણે દરેક રીત તેમની જિમ્મેદારીઓમાંથી મુકિત માટે જદ્દો જેહદ કરે.

**(૬)** તેમણે જે જાઈઝ, શરઈ વસિયતો કરી હોય તેને પૂરી કરવામાં શકય તે કોશિશ કરે, ભલે શરઅન પોતાના પર લાઝિમ ન હોય, ભલે પોતાના પર ભારરૂપ હોય. દા. ત. એ અડધી મિલ્કતની વસિયત કોઈ વારસ નહીં એવા સગા માટે અથવા તદન અજાણ વ્યકિત માટે કરી ગયાં તે શરીઅતની રૂએ ૧/૩ માલથી અધિકમાં વારિસોની રજા વિના લાગુ થઈ શકતુ નથી, પણ ઔલાદના માટે મુનાસિબ છે કે તેમની વસિયત માને અને તેમની ખુશી પૂરી કરવા માટે પોતાની ખુશી પર તેને અગ્રિમતા આપે.

**(૭)** તેમની કસમ મૃત્યુ બાદ પણ સાચી જ ઠરાવે. દા. ત. માં બાપે કસમ ખાધી હતી કે મારો પુત્ર ફલાણી જગાએ જશે નહીં અથવા ફલાણાને મળશે નહીં અથવા ફલાણુ કામ કરશે નહીં, તો તેમના બાદ એવો ખયાલ ન કરે કે હવે તેઓ નથી તો એમની કસમનો ખયાલ રાખવાની જરૂર નથી, બલ્કે તેના પર એટલા પાબંદ રહેવું જેટલા

પાબંદ જિંદગીમાં રહેતા હતા, જ્યાં સુધી કોઈ શરીઅત તરફનો વાંધો આડ ન બને, અને કેવળ કસમની જ વાત નથી દરેક જાઈઝ બાબતોમાં મૃત્યુ બાદ પણ તેમની મરજીના પાબંદ રહેવું જોઈએ.

**(૮)** દરેક જુમ્આના રોજ તેમની કબરની ઝિયારતે જવું, ત્યાં સૂરએ યાસીન શરીફ એવા અવાજથી કે તે પોતે સાંભળે એ રીતે પઢવું અને તેનો સવાબ તેમની રૂહને પહોંચાડવો, રસ્તામાં જ્યારે તેમની કબ્ર આવે તો સલામ તથા ફાતેહા વિના ન પસાર થાય.

**(૯)** તેમના સગાં–સંબંધીઓ સાથે જીવનભર સારો સુલૂક રાખે. (શરત એ કે સગાં બદ્અકીદા ન હોય. જો બદ્અકીદા હોય તો સંબંધ કટ કરે. –અનુ.)

**(૧૦)** તેમના દોસ્તો સાથે દોસ્તી નિભાવવી, હમેશાં તેમની ઈજ્જત કરવી. *(શરત ઉપર મુજબ. –અનુ.)*

**(૧૧)** કદી પણ કોઈનાં માં બાપને બુરાં કહીને તેમને બુરાં ન કહેવડાવશો.

**(૧૨)** સૌમાં સખ્તતર તથા સામાન્ય તથા સતત ધ્યાનમાં લેવા જેવો એ હક્ક છે કે કદી કોઈ ગુનોહ કરીને તેમને તકલીફ ન પહોંચાડે કેમ કે ઔલાદનાં અમલોની ખબર માં બાપને પહોંચે છે. તેના સર્વ અમલોની ખબર માં બાપને પહોંચે છે, નેકીઓ જુએ છે તો ખુશ થાય છે અને તેમનો ચેહરો ખુશીથી ચમકતો દમકતો રહે છે અને ગુનાહ જુએ છે તો રંજમય બને છે અને તેમના દિલ પર સદમો થાય છે, માં બાપનો એ હક્ક નથી કે તેમને કબરમાં પણ તકલીફ પહોંચાડવામાં આવે ! (જે લોકો ગુનાહો કરે છે તેમણે માં બાપની મહોબ્બતને ખાતર પણ એને ત્યજવા જોઈએ. –અનુ.)

અલ્લાહ ગફૂરે રહીમ, અઝીઝે કરીમ عزوجل તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં આપણને સૌ મુસલમાનોને નેકીઓની તૌફીક આપે, ગુનાહોથી બચાવે અને આપણા અકાબિરની કબરોમાં હમેશાં નૂર તથા સુરૂર પહોંચાડે કે તે કાદિર છે અને આપણે આજિઝ, તે





ગની અને આપણે મોહતાજ.

હવે કેટલીક હદીષો બયાન કરવામાં આવે છે જેના થકી આ હુકમો કાઢવામાં આવ્યા છે :–

**(૧)** એક અન્સારી رضی اللہ عنہ એ હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતે અકદસમાં હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! માં–બાપના ઈન્તેકાલ પછી કોઈ તરીકો તેમની સાથે ભલાઈનો છે જેને હું બજાવી લાવું ? ફર્માવ્યું, "હા ! ચાર વાતો છે, તેમના પર નમાઝ અને તેમના માટે મગફિરતની દુઆ અને તેમની વસિયત લાગુ કરવી અને તેમના દોસ્તોની તાઝીમ અને જે સંબંધ કેવળ તેમના તરફથી હોય તેને સદ્વર્તાવ સાથે નિભાવી રાખવો. આ તે નેકીઓ છે કે તેમના મૃત્યુ બાદ પણ તેમની સાથે કરવી બાકી રહે છે." *(ઈબ્ને નજ્જાર, સુનને બયહકી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ, ઈબ્ને હબ્બાન)*

**(૨)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, "માં બાપ સાથે નેક સુલૂક (સદ્વર્તાવ)નો મતલબ એ છે કે ઔલાદ તેમના પછી તેમના માટે મગફિરતની દુઆ કરે." *(ઈબ્ને નજ્જાર)*

**(૩)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, **"માણસ જ્યારે માં–બાપના માટે દુઆ છોડી દે છે ત્યારે તેની રોજીમાં કાપ આવી જાય છે."** *(તિબ્રાનીએ તારીખ તથા દયલમીમાં અનસ ઈબ્ને માલિક રદિયલ્લાહુ અન્હૂથી રિવાયત કરી)*

**(૪, ૫)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, જ્યારે તમારામાંથી કોઈ નફ્લ ખૈરાત કરે તો તેણે પોતાનાં મા બાપ તરફથી ખૈરાત કરવી જોઈએ જેથી એનો સવાબ તેમને મળે અને તેના સવાબમાંથી કાંઈ કમી ન થશે. *(તિબ્રાનીએ અવસતમાં તથા ઈબ્ને અસાકિર તથા દયલમીએ મસ્નદુલ ફિરદૌસમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર તથા મુઆવિયહ્ ઈબ્ને ઓબૈદા رضی اللہ عنہم થી રિવાયત કરી)*

**(૬)** એક સહાબી رضی اللہ عنہ એ હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું મારાં મા બાપ સાથે જિંદગીમાં નેક સુલૂક કરતો હતો,

પણ હવે તેઓ મૃત્યુ પામ્યાં છે તેમની સાથે નેક વર્તાવનો શો માર્ગ છે ?

ફર્માવ્યું, "મૃત્યુ બાદ નેક વર્તાવ એ છે કે તું તારી નમાઝની સાથે તેમના માટે પણ નમાઝ પઢે અને તારા રોઝાની સાથે તેમની માટે પણ રોઝા રાખે." *(દારકુતની)*

એટલે કે જ્યારે પોતાને સવાબ મળે એ આશયથી નફ્લ નમાઝો પઢે અથવા નફ્લ રોઝા રાખે તો કેટલીક નફ્લ નમાઝો તેમના તરફથી પઢે કે તેમને સવાબ પહોંચે. અથવા નમાઝ, રોઝા જે નેક અમલ કરે તો તેની સાથે તેમને સવાબ પહોંચાડવાની નિય્યત કરે જેથી તેમને પણ સવાબ પહોંચે અને તારો સવાબ પણ ઓછો નહીં થાય."

મુહીત, તાતાર ખાનિયહ્ તથા મુહતારમાં છે :–

"જે કાંઈ નફ્લ સદકો કરવા ચાહે તેના માટે અફઝલ છે કે તમામ મુસલમાન પુરૂષો તથા મુસલમાન સ્ત્રીઓની નિય્યત કરે કે જેથી તેનો સવાબ તેમના સુધી પહોંચી જાય અને તેના સવાબમાં કાંઈ કમી ન થાય."

**(૭)** રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, જે પોતાનાં મા બાપની તરફથી હજ્જ કરે અથવા એમનું કરજ અદા કરે તે કિયામતના દિવસે નેક લોકોની સાથે ઉઠશે. *(તિબ્રાનીએ અવસતમાં તથા ઈબ્ને અસાકિર તથા દારકુતનીએ સુનનમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી)*

**(૮)** અમીરુલ મો'મિનીને ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ પર એંસી હજારનું કરજ હતું. વિસાલ વખતે પોતાના સાહબઝાદા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ ને બોલાવ્યા અને ફર્માવ્યું :–

"મારા કરજને પૂરું કરવા પ્રથમ તો મારો માલ વેચજો, જો તે પૂરતો થઈ રહે તો ઠીક, નહીં તો મારી કૌમ બની અદીથી માંગીને પૂર્ણ કરજો, જો એ રીતે પૂર્ણ ન થાય તો કુરૈશથી માંગજો અને એમના સિવાય અન્ય લોકોથી માંગશો નહીં."

પછી સાહબઝાદાને ફર્માવ્યું, તમે મારા કરજની જામિનગીરી





કરી લો ! તે જામિન થઈ ગયા અને અમીરુલ મો'મિનીને દફનાવતાં પહેલાં મુહાજિર તથા અન્સારમાંના અકાબિરને ગવાહ કરી લીધા કે તે એંસી હજાર મારા માથે છે. અને એક અઠવાડિયુ પણ પસાર થયું ન હતું એટલામાં હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ તે સઘળુ કરજ અદા ફર્માવી દીધું. *(તબકાત ઈબ્ને સઅદ અઝ ઉષ્માન ઈબ્ને ઉરવહ્)*

**(૯)** જહીના કબીલાથી એક બીબી رضی اللہ عنہا એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં આવીને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી માંએ હજ્જ કરવાની મન્નત માની હતી તે અદા ન કરી શકી અને તેણીનો ઈન્તેકાલ થઈ ગયો, તો શું તેણીના તરફથી હજ્જ કરી લઉં ? ફર્માવ્યું, "હા ! તેણીના તરફથી હજ્જ કરો. અરે ! તું જો તો ખરી કે તારી માં પર જો દેવુ હોત તો તું અદા કરત કે નહીં ?! એ જ પ્રમાણે ખુદાનું કરજ અદા કરો કેમ કે તેનું કરજ અદા કરવામાં આવે એ માટેનો તે અધિક હક્ક ધરાવે છે." *(બુખારીએ ઈબ્ને અનસ રિદયલ્લાહો અન્હૂથી રિવાયત કરી)*

**(૧૦)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, "માણસ જ્યારે પોતાનાં મા બાપની તરફથી હજ્જ કરે છે તો તે હજ્જ તેના અને તેનાં સૌનાં તરફથી કબૂલ કરવામાં આવે છે અને તેમની રૂહો આસ્માનમાં તેનાથી ખુશ થાય છે અને એ શખ્સ અલ્લાહ તઆલાની નજીક મા બાપની સાથે નેક સુલૂક કરનારાઓમાં લખવામાં આવે છે." *(દારકુત્ની)*

**(૧૧)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "જે પોતાનાં મા બાપનાં તરફથી હજ્જ કરે તો તેમના તરફથી હજ્જ અદા થઈ જશે અને તેને હજ્જનો અધિક સવાબ મળશે." *(દારકુત્ની)*

**(૧૨)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, "જે શખ્સ પોતાનાં મા બાપ પછી તેમની કસમ સાચી ઠરાવે છે અને તેમનું કરજ અદા કરે અને કોઈનાં મા બાપને બુરાં કહીને તેમને બુરાં ન કહેવડાવે, તેને મા બાપની સાથે સદ્‌વર્તાવ કરનાર લખવામાં આવશે, ભલે પછી તે

તેમની જિંદગીમાં નાફર્માન હતો ! અને જે તેમની કસમ પૂરી ન કરે તથા અન્યનાં મા બાપને બુરાં કહી તેમને બુરાં કહેવડાવે તે મા બાપનો નાફર્માન લખવામાં આવશે, ભલે તેમની હયાતીમાં તેમની સાથે ભલાઈથી વર્તતો હતો. *(તિબ્રાનીએ અવસતમાં અબ્દુર્રહમાન ઈબ્ને હુમૈરહ્થી રિવાયત કરી)*

**(૧૩)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, "જે **પોતાનાં મા બાપ** અથવા બંનેમાંથી કોઈની એકની **કબર પર દર જુમ્આના દિવસે ઝિયારત માટે હાજર થાય તો અલ્લાહ તેના ગુનાહ બખ્શી આપશે** અને મા બાપની સાથે સારુ વર્તન કરનાર લખવામાં આવશે. (હકીમ તિર્મિઝીએ નવારિદમાં અબૂ હુરૈરહ્થી)

**(૧૪, ૧૫)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, "જે શખ્સ જુમ્આના દિવસે પોતાનાં મા બાપ અથવા એકની કબરની ઝિયારત કરશે અને તેની પાસે યાસીન પઢશે તો બખ્શી આપવામાં આવશે. *(ઈબ્ને અદીએ સિદ્દીકે અકબર رضی اللہ عنہ થી રિવાયત કરી)*

અને એક અન્ય રિવાયતમાં આ પ્રમાણે છે :–

"જે શખ્સ દરેક જુમ્આના રોજ મા બાપ અથવા તેમનામાંથી એકની કબરની ઝિયારત કરે, ત્યાં યાસીન પઢે **તો યાસીન શરીફમાં જેટલા હર્ફ છે તે સર્વની ગણત્રીના બરાબર અલ્લાહ તઆલા તેના માટે મગ્ફિરત ફર્માવશે.** *(ઈબ્ને અદી, અબુશ્શયખ, દયલમી, ઈબ્ને નજ્જાર તથા રાઈફએ સિદ્દીકા અન અબીહા رضی اللہ عنہما થી)*

**(૧૬)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, "જે કોઈ સવાબની નિય્યતે પોતાનાં મા બાપ અથવા બેમાંથી એકની કબરની ઝિયારત કરે તો એક હજ્જે મબરૂરના બરાબર સવાબ પામશે અને જે મા બાપ અથવા એકની કબરની ઝિયારત પુષ્કળ પ્રમાણમાં કરતો હોય તો ફરિશ્તા તેની કબરની ઝિયારત માટે આવશે. *(હકીમ તિર્મિઝી તથા ઈબ્ને અદીએ ઈબ્ને رضی اللہ عنہما થી)*

**હિકાયત :–** ઈમામ ઈબ્ને જવઝી મોહદ્દિષે 'ઓયનુલ





હિકાયાત' નામની કિતાબમાં ખૂદ મુહમ્મદ ઈબ્ને અબ્બાસ વર્રાકની સનદથી રિવાયત કરે છે કે એક શખ્સ પોતાના પુત્રની સાથે સફરમાં ગયો તો માર્ગમાં બાપનો ઈન્તેકાલ થઈ ગયો. તો ગોગલના (અમુક પ્રકારના) ઝાડોનું જંગલ હતું તેના ઝાડો નીચે દફન કરીને પુત્ર જ્યાં જવાનું હતું ત્યાં ચાલ્યો ગયો. જ્યારે પાછો વળીને આવ્યો તો તે ઠેકાણે રાત્રે પહોંચ્યો અને બાપની કબર પર ન ગયો. અચાનક સાભળ્યું કે કોઈ કહેનાર કહે છે, મેં તને જાયો કે તું રાતમાં આ જંગલમાંથી પસાર થઈ રહ્યો છે અને તે જે આ ઝાડોમાં છે (એટલે તારો બાપ) તેની સાથે કલામ (વાત) કરવાનું તું જરૂરી જાણતો નથી ! જો કે આ ઝાડોમાં દફન થયેલો છે, જો તેની જગાએ તું હોત અને તે અહીંથી પસાર થાત તો પાછો ફરીને આવત અને તારી કબર પર સલામ કરત !

**(૧૭)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, "જે ઈચ્છે કે બાપની કબરમાં તેની સાથે સદ્વર્તાવ કરે તે બાપના પછી તેનાં સગાં, સ્નેહીઓ, દોસ્તો સાથે સદ્વર્તાવ રાખે." *(અબૂ યઅ્લા તથા ઈબ્ને હબ્બાને ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી)*

**(૧૮)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, બાપની સાથે સદ્વર્તાવમાંથી છે કે તું તેનાં સગાંઓ સાથે સદ્વર્તાવ રાખે. *(તિબ્રાનીએ અવસતમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી)*

**(૧૯)** રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, બેશક ! બાપની સાથે સદ્વર્તાવથી વધીને એ સદ્વર્તાવ છે કે માણસ બાપના પછી તેના દોસ્તો સાથે સારો વર્તાવ નિભાવી રાખે. *(અહમદ તથા બુખારીમાં, અદબુલ્ મુફરદમાં તથા સહીહ મુસ્લિમ, અબૂ દાઊદ તથા તિર્મિઝીએ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી)*

**(૨૦)** રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, તમારાં મા બાપની દોસ્તી પર નજર રાખો, તેને કટ ન કરશો, નહીં તો અલ્લાહ તમારું નૂર બુઝાવી દેશે. *(બુખારીએ અદબમાં તથા તિબ્રાનીએ અવસતમાં તથા બયહકીએ શોઅબમાં ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી)*

**(૨૧)** રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, દરેક દો શમ્બહ કે પંજ શમ્બહ (પીર અથવા જુમેરાત)ના દિવસે અલ્લાહ عزوجل ની હુઝૂર અમલો પેશ થાય છે અને અંબિયાએ કિરામ علیہم السلام અને મા બાપની સમક્ષ દર જુમ્આના રોજ અમલો રજુ થાય છે. તેઓ નેકીઓ જોઈને ખુશ થાય છે અને તેમના ચેહરાની રોનક તથા નૂરાનિયત વધે છે. જેથી અલ્લાહથી ડરો અને તમારાં મા બાપોને કબરમાં રંજ ન પહોંચાડો ! *(ઈમામ હકીમે વાલિદે અબ્દુલ અઝીઝથી)*

**સારાંશ** એ કે મા બાપનો હક્ક એ નથી કે માણસ કદી પણ તેનાથી વિમુકત થાય, તેઓ તેના વજૂદ તથા હયાતના સબબ છે જેથી જે કાંઈ નેઅમતો દીની દુનિયવી પામશે તે સૌ તેમના તુફૈલમાં છે, કેમ કે દરેક નેઅમત તથા કમાલ વજૂદ પર અવલંબિત છે અને વજૂદના લીધે તે નેઅમતો તથા કમાલો મળ્યા. જેથી કેવળ મા બાપ થવું જ એવા મહાન હક્કનો સબબ બને છે જેનાથી પુત્ર કદાપિ મુકત થઈ શકતો નથી, અને તેની સાથોસાથ તેને ઉછેરવામાં તકલીફો વેઠી, તેને આરામથી રાખવા મા બાપે તકલીફો ઉઠાવી, ખાસ તો માએ પેટમાં રાખ્યો અને જન્મ આપ્યો, દૂધ પીવડાવ્યું એમાં જે તકલીફો વેઠી તે બધું તો અલગ ! એનો શુક્ર કેવી રીતે અદા થઈ શકે ?! ખુલાસો એ કે તેઓ તેના માટે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ના સાયા અને તેમની રબૂબિયત તથા રહમતના મઝહર (ઉદ્ભવ સ્થાન) છે. જેથી કુર્આને અઝીમમાં અલ્લાહ عزوجل એ પોતાના હક્કની સાથે તેમના હક્કનો ઉલ્લેખ કર્યો : "اَنِ اشْکُرْ لِیْ وَلِوَالِدَیْکَ (پ ۲۱ ع ۱۱)" હક્ક માન મારો અને પોતાનાં મા બાપનો". *(પા. ૨૧, રૂ. ૧૧)*

હદીષમાં છે કે એક સહાબી رضی اللہ عنہ એ હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એક માર્ગમાં એવા ગરમ પથ્થરો પર કે ગોશ્ત તેના પર નાખવામાં આવે તો કબાબ બની જાય ! એવા ગરમ પથ્થરો પર છ માઈલ સુધી હું મારી માંને મારી ગરદન પર સવાર કરીને લઈ ગયો છું, તો શું મારાથી એનો હક્ક અદા થઈ ગયો ? રસૂલુલ્લાહ





صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તારા જન્મ વેળા જેટલા દર્દના ઝટકા તેણીએ વેઠયા તેમાંથી એક ઝટકાનો બદલો (તારુ આ કાર્ય) થઈ શકે ! *(રિવાયત કરી તિબ્રાનીએ અવસતમાં)*

## ★ મા બાપની નાફર્માનીનો વબાલ ! ★

મા બાપની નાફર્માની અલ્લાહ જબ્બાર તથા કહ્હારની નાફર્માની છે અને તેમની નારાજગી અલ્લાહ કહ્હારની નારાજગી છે. માણસ મા બાપને રાજી કરે તો તેઓ તેની જન્નત છે અને નારાજ કરે તો તેઓ જ તેની દોઝખ છે. જ્યાં સુધી મા બાપને રાજી નહીં કરે ત્યાં સુધી તેનો કોઈ ફર્ઝ, કોઈ નફ્લ, કોઈ નેક અમલ મુદ્લે કબૂલ થશે નહીં. આખેરતના અઝાબ સિવાય દુનિયામાં જીવતાં જીવત જ સખત બલા નાઝિલ થશે, મરતી વેળા મઆઝલ્લાહ કલમો નસીબ ન થવાનો ભય છે. હદીષ શરીફમાં છે :–

**(૧)** અલ્લાહની ઈતાઅત (ફર્માંબરદારી) બાપની ઈતાઅત છે, અને અલ્લાહની નાફર્માની બાપની નાફર્માની છે. (તિબ્રાનીમાં અબૂહુરૈરહ્થી)

**(૨)** ફર્માવ્યું, અલ્લાહનું રાજીપણુ બાપના રાજીપામાં છે અને અલ્લાહની નારાજગી બાપની નારાજગીમાં છે. *(તિર્મિઝી, ઈબ્ને માજહ, હાકિમ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી)*

**(૩)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, મા બાપ તારી જન્નત અને તારી દોઝખ છે. *(ઈબ્ને માજહ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી)*

**(૪)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, બાપ જન્નતના સર્વ દરવાજાઓમાંથી વચ્ચેનો દરવાજો છે. હવે ચાહે તો તે દરવાજાને તારા હાથ વડે ખોઈ નાખ ચાહે ધ્યાનમાં રાખ. *(તિર્મિઝી તથા ઈબ્ને માજહ હઝરત અબૂ દરદાઅ્ رضی اللہ تعالیٰ عنہ થી)*

**(૫)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, ત્રણ શખ્સો જન્નતમાં જશે નહીં : મા બાપની નાફર્માની કરનાર, દૈયૂષ તથા તે સ્ત્રી જે પુરૂષ

જેવો દેખાવ બનાવે. (નિસાઈ, બઝ્ઝાર, હાકિમ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી) (દૈયૂષ–જે ધણીની સ્ત્રી ખરાબ ધંધો કરે છતાં પતિ કાંઈ ન કહે તે પતિ.)

**(૬)** રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, ત્રણ શખ્સોનો કોઈ ફર્ઝ તથા નફ્લ અલ્લાહ તઆલા કબૂલ નથી ફર્માવતો, મા બાપનો નાફર્માન તથા સદકો આપીને એહસાન જતાવનાર અને દરેક નેકી તથા બદીને તકદીરે ઈલાહીથી ન માનનાર *(ઈબ્ને અબી આસિમે સુન્નહ્માં અબૂ અમામા رضی اللہ عنہ થી)*

**(૭)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે : સર્વ ગુનાહોની સજા અલ્લાહ તઆલા ચાહે તો કિયામત સુધી મુલતવી રાખે છે પણ **મા બાપની નાફર્માનીની સજા તેનાં જીવન દરમ્યાન જ આવે છે.** *(હાકિમે, અસ્બહાની, તિબ્રાની અબૂબક رضی اللہ عنہ થી)*

**(૮)** રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે, શું હું તમને ન બતાવું કે સર્વ કબીરા ગુનાહોમાં સખ્તતર ગુનોહ કયો છે ? શું ન બતાવું કે સર્વ કબીરાઓમાં બદ્તર કયો છે ? શું ન બતાવું કે સર્વ કબીરાઓમાં બધાથી અધિક સખત કયો છે ? સહાબાએ અર્ઝ કરી, ઈર્શાદ ફર્માવો ! તો ફર્માવ્યું, "અલ્લાહનો ભાગીદાર ઠરાવવું અને મા બાપને સતાવવું." *(અશયખાન તથા તિર્મિઝીએ અબૂબક رضی اللہ عنہ થી)*

**(૯)** નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે, "મલઊન છે જે પોતાનાં મા બાપને સતાવે ! મલઊન છે વાલિદૈનને સતાવે ! મલઊન છે જે મા બાપને સતાવે ! (મલઉન–જેના પર લઅ્નત કરવામાં આવી) *(તિબ્રાની, હાકિમ અબૂહુરૈરહ્થી)*

**(૧૦)** એક યુવાન સકરાતના આલમમાં હતો તેને કલ્મો તલ્કીન કરવામાં આવ્યો પણ ન કરી શકયો. નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખબર થઈ તો તશરીફ લાવ્યા. ફર્માવ્યું કે કહે, **લાઈલાહ ઈલ્લલ્લાહ !** કહ્યું, મારાથી નથી કહી શકાતું. ફર્માવ્યું, આવું શાથી થાય છે ? અર્ઝ કરવામાં આવી કે આ શખ્સ પોતાની માંને સતાવતો હતો.





રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેની માંને (જે નારાજ હતી) તેને બોલાવીને ફર્માવ્યું કે, આ તારો પુત્ર છે ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, સાંભળ ! જો એક મોટી આગ સળગાવવામાં–ભડકાવવામાં આવે અને તને કહે કે તું તેની શફાઅત (સિફારિશ) કરે તો અમે છોડી દઈએ નહીં તો સળગાવી દઈશું ! તો શું તે સમયે તું શફાઅત કરીશ ?! અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ત્યારે તો શફાઅત કરીશ ! ફર્માવ્યું, ત્યારે તો તું અલ્લાહ અને મને ગવાહ કરી લે કે તું એનાથી રાજી થઈ ગઈ ! તેણીએ કહ્યું, ઈલાહી ! હું તને તથા તારા રસૂલને ગવાહ બનાવું છું કે હું મારા પુત્રથી રાજી છું. હવે સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ યુવાનને ફર્માવ્યું, હે છોકરા ! કહે, **લાઈલાહ ઈલ્લલ્લાહુ વહ્દહુ લા શરીક લહૂ વ અશ્હદુ અન્ન મુહમ્મદન્ અબ્દુહૂ વરસૂલુહ્.**

તો યુવાન કલ્મો પઢયો અને ઈન્તેકાલ કર્યો. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "શુક્ર તે ખુદાનો જેણે મારા વસીલાથી એને દોઝખથી બચાવી લીધો." *(તિબ્રાનીએ અબ્દુલ્લાહ ઈબ્ને અબૂ અવફા رضی اللہ عنہما થી રિવાયત કરી)*

**હિકાયત :–** હઝરત અવામ ઈબ્ને હવ્શબ رحمۃ اللہ علیہ જે તબએ તાબઈન મહાન ઈમામોમાંથી છે, હિ. સ. ૧૪૮માં ઈન્તેકાલ કર્યો. તેમણે ફર્માવ્યું, હું એક મહોલ્લામાં ગયો તેના કિનારે કબ્રસ્તાન હતું. અસ્રના સમયે એક કબર ફાટી અને તેમાંથી એક માણસ નીકળ્યો જેનું માથુ ગધેડાનું અને બાકીનુ શરીર માણસ જેવું હતું. તેણે ત્રણ અવાજો ગધેડાની જેમ કર્યા પછી તે કબરમાં જતો રહ્યો અને કબર બંધ થઈ ગઈ ! એક વૃધ્ધા બેઠી બેઠી સૂતર કાંતી રહી હતી. એક સ્ત્રીએ મને કહ્યું કે પેલી વૃધ્ધાને જોઈ ? મેં કહ્યું, હા ! તેનું શું છે ? કહ્યું, આ તે કબરવાળાની માં છે. તે શરાબ પીતો હતો અને જયારે સાંજ થતી તો માં નસીહત કરતી કે, હે બેટા ! ખુદાથી ડર ! કયાં સુધી એ નાપાક પીતો રહીશ ! તો એ જવાબ આપતો કે, તું ગધેડાની જેમ ચિલ્લાયા કરે છે ! આ શખ્સ અસ્ર બાદ મર્યો, ત્યારથી દરરોજ અસ્ર બાદ તેની કબર ફાટે છે અને આ જ પ્રમાણે ત્રણ અવાજો ગધેડા જેમ (હોંચી !

હોંચી !) કરે છે પછી કબર બંધ થઈ જાય છે. (અસ્બહાની વગેરે...) *(ઈમામ અહમદ રઝા બરેલ્વી رضی اللہ عنہ થી કિતાબ "મિનશરહુલ હુકૂક લિતર્હિલ્ ઉકૂદ'માંથી–સંપાદક)*

## ★ મા બાપ સાથે સારો વર્તાવ જેહાદ તથા હિજરતથી અફઝલ ! ★

મા બાપ સાથે ભલાઈપૂર્ણ વર્તાવને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલ્લાહની રાહમાં જેહાદ કરતાં પણ અધિક ફઝીલત આપી છે.

**(૧)** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે : તેઓ ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم કયો અમલ ખુદાની નજી અધિક મહબૂબ છે ? ફર્માવ્યું, સમય પર નમાઝ અદા કરવી. મેં કહ્યું પછી કયો ? ફર્માવ્યું, મા બાપ સાથે નેકી. કહ્યું, પછી કયો ? ફર્માવ્યું, અલ્લાહની રાહામાં જેહાદ. *(અહમદ, અશ્શય્ખાન, અબૂ દાઊદ તથા નિસાઈ)*

મા બાપની સાથે નેકી કેવળ એ જ નથી કે તેમના હુકમોની પાબંદી કરવામાં આવે અને તેની વિરૂધ્ધ ન કરવામાં આવે, બલ્કે તેમની સાથે નેકી એ પણ છે કે કોઈ એવું કામ ન કરે જે તેમને નાપસંદ હોય, ભલે તેના બારામાં તેમના તરફથી કોઈ ખાસ હુકમ ન હોય, એટલા માટે કે તેમની ફર્માંબરદારી અને તેમને ખુશ રાખવાં બંને વાજિબ છે અને નાફર્માની કરવી તથા નારાજ કરવાં હરામ છે.

**(૨)** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ ફર્માવે છે, એક શખ્સ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થયો અને અર્ઝ કરી, હું તમારાથી હિજરત અને જેહાદ માટે બય્અત કરી રહ્યો છું અને ખુદાથી અજ્રનો તાલિબ છું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂછયું, શું તારાં મા બાપમાંથી કોઈ જીવતું છે ? તેણે અર્ઝ કરી, બંને જીવતાં છે ! શું ખુદાથી અજ્ર ચાહો છો ? તેણે અર્ઝ કરી, હા ! તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તારાં મા બાપ પાસે ચાલ્યો જા ! અને તેમની





સાથે સારી રીતે રહે. *(મુસ્લિમમાંથી)*

**(૩)** અને આપનાથી જ એક બીજી રિવાયત છે કે એક શખ્સ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે આવ્યો અને અર્ઝ કરી, હું તમારાથી હિજરત માટે બય્અત કરવા આવ્યો છું અને મારાં મા બાપને રડતાં મૂકીને આવ્યો છું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હુકમ આપ્યો, તું તારાં મા બાપ પાસે જા અને તેમને હસાવ જેવી રીતે તેં તેમને રડાવ્યાં છે. *(અબૂ દાઊદ)*

**(૪)** હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે : યમનનો રહેવાસી એક શખ્સ હિજરત કરીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થયો. હુઝૂરે પૂછયું, શું તમારું યમનમાં કોઈ છે ? તેણે અર્ઝ કરી, મારાં મા બાપ છે. હુઝૂરે ફર્માવ્યું, શું તેમણે તમને ઈજાઝત આપી છે ? કહ્યું, નહીં ! ફર્માવ્યું, તું તેમની પાસે પાછો જા અને ઈજાઝત તલબ કર, જો તેઓ રજા આપે તો પછી જેહાદ કર, નહીં તો તેમની સાથે સદ્વર્તાવમાં મશગૂલ થઈ જા. *(અબૂ દાઊદે અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી)*

**(૫)** હઝરત મુઆવિયહ્ ઈબ્ને જાહિયહ ! رضی اللہ عنہما થી રિવાયત છે કે તે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મેં જેહાદનો ઈરાદો કરી લીધો છે અને આપની મશ્વરાના માટે આવ્યો છું, તો હુઝૂરે ફર્માવ્યું, શું તમારી માં છે ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, તો એની ખિદમત કરો, બેશક ! જન્નત તેનાં કદમોની પાસે છે.

**(૬)** અને તિબ્રાનીની રિવાયત આ પ્રમાણે છે કે, હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે આવ્યો કે જેથી જેહાદના બારામાં મશ્વરો લઉં, તો હુઝૂરે પૂછયું, શું તારાં માં બાપ હાજર છે ? મેં કહ્યું, હા ! ફર્માવ્યું, તું એમની ખિદમતમાં રહે કેમ કે જન્નત તેમનાં કદમો નીચે છે. *(નિસાઈ, ઈબ્ને માજહ્ હાકિમે રિવાયત કરી તથા સહીહ દર્શાવી મુસ્લિમ તથા તિબ્રાનીની સનદોની શરતે)*

**(૭)** હઝરત તલ્હા ઈબ્ને મુઆવિયહ્ સલ્લમી رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે : હું હુઝૂર નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلمની બારગાહમાં હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું જેહાદ ફી સબીલિલ્લાહનો ઈરાદો ધરાવું છું. હુઝૂરે પૂછયું, તારી માં જીવે છે ? મેં અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, તેના કદમોને લાજમી રીતે થામી લે કે ત્યાં જન્નત છે. *(તિબ્રાની)*

અને જુઓ કે ખયૂરુત્તાબઈન હઝરત સૈયેદના ઉવૈસ કરની رضی اللہ عنہ ને પોતાની માંની ખિદમત અને તેણીની સાથે સદ્વર્તાવ નિભાવી રાખવાની જિમ્મેદારીએ જ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمની ઝિયારતથી રોકી રાખ્યા.

## ★ ઉસ્તાદના હક્કો ★

(ઉસ્તાદ પણ બાપનો દરજ્જો ધરાવે છે બલ્કે કેટલાક કારણોસર તેનો દરજ્જો બાપથી પણ વિશેષ છે, એટલા માટે અહીં ઉસ્તાદના હક્કો પણ સંક્ષિપ્તમાં રજુ કરીએ છીએ.)

ફતાવા આલમગીરીમાં તેમજ ઈમામ હાફિઝુદીન કરદુરીથી છે : ફર્માવ્યું ઈમામ ઝુંદવૈસીએ કે આલિમોનો હક્ક જાહિલ પર અને ઉસ્તાદનો હક્ક શાગિર્દ પર એક સરખો છે અને તે એ કે તેમનાથી પહેલાં વાત ન કરે અને તેમના બેસવાની જગાએ તેમની ગેરહાજરીમાં પણ ન બેસે, તેમની વાતને ન કાપે અને ચાલવામાં તેમનાથી આગળ ન વધે.

એમાં જ ગરાઈબથી છે, માણસે જોઈએ કે પોતાના ઉસ્તાદના હક્કો તથા અદબોનો લેહાઝ રાખે, પોતાના માલમાં કોઈ ચીજથી તેમની સાથે કંજૂસાઈ ન કરે. એટલે કે જે કાંઈ તેમને જરૂરત હોય તેને ખુશ ચહેરે હાજર કરે અને એ ચીજ તે કબૂલ કરી લે તેને તેમનું એહસાન અને પોતાની ખુશનસીબી સમજે.

એમાં જ તાતારખાનિયહ્થી છે, ઉસ્તાદના હક્કને પોતાના મા





બાપ અને તમામ મુસલમાનોના હક્કથી અગ્રેસર રાખે અને જેણે તેને સારો ઈલ્મ શીખવાડયો, ભલે પછી એક જ હર્ફ પઢાવ્યો હોય પણ તેના પ્રતિ આજિઝીથી વર્તે અને કોઈ વખત તેની મદદથી દૂર રહે તે શોભાસ્પદ નથી. પોતાના ઉસ્તાદ પર કોઈને અગ્રિમતા ન આપે. જો એવું કરશે (એટલે કે તેની મદદથી દૂર રહે, અન્યને અગ્રિમતા આપશે વગેરે.....) તો તેણે ઈસ્લામની રસ્સીઓમાંથી એક રસ્સી ખોલી નાખી. ઉસ્તાદની અદબમાંથી એ છે કે તે ઘરની અંદર હોય અને હાજર થાય તો તેનો દરવાજો ન ખટખટાવે બલ્કે તેના બહાર આવવાની રાહ જુએ.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

إِنَّ الَّذِينَ يُنَادُونَكَ مِن وَرَاءِ الْحُجُرَاتِ أَكْثَرُهُمْ لَا يَعْقِلُونَ وَلَوْ أَنَّهُمْ صَبَرُوا حَتَّىٰ تَخْرُجَ إِلَيْهِمْ لَكَانَ خَيْرًا لَّهُمْ وَاللَّهُ غَفُورٌ رَّحِيمٌ

"બેશક ! જેઓ તમને ઘરોની બહારથી પુકારે છે તેઓમાં મોટા ભાગના અક્કલવિહોણાં છે. અને જો તેઓ સબર કરત એટલે સુધી કે તમે તેમની પાસે તશરીફ લાવત તો એ તેમના માટે બેહતર હતું અને અલ્લાહ બખ્શનારો મહેરબાન છે."
*(તર્જુમા રઝવિય્યહ્, પા. ૨૬, રુ ૧૩)*

આલિમે દીન સામાન્યતઃ દરેક મુસલમાનના હક્કમાં અને વિશેષતઃ ઈલ્મે દીનનો ઉસ્તાદ પોતાના શાગિર્દના હક્કમાં હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلمનો નાયબ છે. પણ હા ! જો કોઈ શરીઅતની વિરૂધ્ધ વાતનો હુકમ આપે તો હરગિઝ ન કરે. કેમ કે હદીષમાં છે, **"ખુદાની નાફર્માનીમાં કોઈની ઈતાઅત (ફર્માબરદારી) નથી."** પણ એ (ગૈરશરઈ હુકમ) ન માનવા છતાં તેમની સાથે ગુસ્તાખી તથા બેઅદબીથી ન વર્તે કેમ કે બુરાઈ બુરાઈથી દૂર નથી કરી શકાતી. જેથી તેનો તે હુકમ કે જે શરીઅત વિરૂધ્ધ હોય તેને ટાળવામાં આવે અને ખૂબ જ નમ્રતાપૂર્વક માફી ચાહી લે અને બચે.

અને જો તેનો હુકમ મુબાહ બાબતોમાંનો હોય તો શકય હોય ત્યાં સુધી તેને પાળવામાં પોતાની સદ્નસીબી જાણે અને નાફર્માનીનો

હુકમ પાળે તો તમે જાણો જ છો કે તેણે ઈસ્લામની ગાંઠોમાંથી એક ગાંઠ ખોલી નાખી.

ઉલમા ફર્માવે છે કે, **જેનાથી તેના ઉસ્તાદને કોઈ પ્રકારની તકલીફ પહોંચે તે ઈલ્મની બરકતથી મેહરૂમ રહેશે.** અને જો તેના હુકમો શરીઅતની વાજિબ બાબતોના છે, ત્યારે સ્પષ્ટ છે કે તેનું પાળવામાં લાઝમીપણું વિશેષતર ગણાશે. એમાં તેની નાફર્માની સ્પષ્ટ જહન્નમની રાહ છે. વલ્અયાઝુ બિલ્લાહિ તઆલા !

ઉસ્તાદની નાશુકરી ઘણી મોટી ભયાનક બલા અને કાતિલ બીમારી છે, જેનાથી ઈલ્મની બરકત ઉઠી જાય છે. અયાઝૂન બિલ્લાહિ તઆલા.

હુઝૂર ﷺ ફર્માવે છે, "જેણે લોકોનો શુક્ર અદા ન કર્યો (આભાર ન માન્યો) તે ખુદાનો પણ શુક્ર ગુઝાર નથી." *(મુસ્નદે અહમદ, જામેઅ તિર્મિઝી, મુખ્તારે ઝિયા, ઝવાએદુલ મુસ્નદ)*

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

لَئِنْ شَكَرْتُمْ لَأَزِيدَنَّكُمْ وَلَئِنْ كَفَرْتُمْ إِنَّ عَذَابِي لَشَدِيدٌ ○

"જો એહસાન માનશો તો હું તમને અધિક આપીશ અને જો નાશુક્રી કરશો તો મારો અઝાબ સખ્ત છે." (પા. ૧૩, રુ. ૧૪)

અને ફર્માવ્યું :–

إِنَّ اللَّهَ لَا يُحِبُّ كُلَّ خَوَّانٍ كَفُورٍ ○

"બેશક ! અલ્લાહ દોસ્ત નથી રાખતો (ચાહતો નથી) દરેક મોટા દગાબાજ સખત નાશુકરાને."

અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

هَلْ نُجَازِي إِلَّا الْكَفُورَ ○

"અમે કોને સજા આપીએ છીએ ? તેને જે નાશુકરો છે."





સરવરે આલમ ﷺ ફર્માવે છે, જેના પર કોઈએ એહસાન કર્યું તેણે કેવળ પ્રશંસા સિવાય તેનો કાંઈ બદલો ન પામ્યો, તો બેશક ! તેણે પોતાના મોહસિનનો શુક્ર અદા કરી દીધો અને જેણે તેને છુપાવી લીધું અને કોઈ તારીફ પણ ન કરી તો જરૂર તેણે નાશુક્રી કરી. *(અદબુલ મુફરદ લિલ બુખારી, સુનને અબૂ દાઊદ તથા જામેઅ તિર્મિઝી, ઈબ્ને હબ્બાન મુકદસી)*

ઉસ્તાદની નાશુક્રી તથા નાકદરી બાપની સાથે નાફર્માની જેવો હુકમ ધરાવે છે એટલા માટે કે ઉસ્તાદ બાપના સ્થાને હોય છે.

હુઝૂરે અકદસ ﷺ ફર્માવે છે, "હું તમારો બાપ જ છું કે તમને ઈલ્મ શીખવાડુ છું." *(અહમદ, દારમી, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ, ઈબ્ને હબ્બાન)*

બલ્કે ઉલમાએ ફર્માવ્યું છે કે, ઉસ્તાદનો હક્ક માબાપના હક્કથી અગ્ર સ્થાન ધરાવે છે કે માબાપથી શારીરિક જિંદગી સંબંધિત છે અને ઉસ્તાદના સબબે રૂહાની હયાત છે. *(કમા ફી અયૂનુલ્ ઉલૂમ)*

અને ખૂદ વાલિદૈનની નાફર્માનીનો વબાલ અતિશય સખ્ત છે એટલા માટે હુઝૂરે તેને શિર્કની સાથે બયાન ફર્માવ્યું છે. ઈર્શાદ છે, હુઝૂરે ત્રણવાર ફર્માવ્યું કે શું હું તમને સૌથી મહાન ગુનોહ ન બતાવું ? સહાબાએ અર્ઝ કરી, હા ! યા રસૂલલ્લાહ ! કેમ નહીં ! ફર્માવ્યું, ખુદાની સાથે કોઈને શરીક કરવો અને માબાપની નાફર્માની. *(બુખારી, મુસ્લિમ, તિર્મિઝી)*

અને ખૂદ આ વિષયમાં એટલી બધી હદીસો છે કે મોટી જાડી કિતાબ થઈ જાય. તેમજ ઉસ્તાદની નાશુક્રી તથા તેને હલકા જાણવું એ ગુલામનું પોતાના માલિક પાસેથી ભાગી જવા સમાન છે, જેનો વબાલ હદીષમાં અતિશય સખ્ત બતાવવામાં આવ્યો છે કે નાસી છૂટેલો ગુલામ જ્યાં સુધી પોતાના આકાની પાસે આવે ત્યાં સુધી ખુદા તેનો ફર્ઝ નથી કબૂલ કરતો ન નફ્લ. *(મુસ્લિમ, તિર્મિઝી, ઈબ્ને ખુઝૈમહ, ઈબ્ને હબ્બાન વગેરે)*

હઝરત મૌલાએ આલમ صلی اللہ تعالٰی علیہ وسلم ફર્માવે છે, "જેણે કોઈ બંદાને કિતાબુલ્લાહની કોઈ આયત શીખવાડી તો તેનો આકા થઈ ગયો." *(તિબ્રાની અબૂ ઉમામા رضی اللہ عنہ થી)*

અમીરુલ મો'મિનીન હઝરત મૌલા અલી کرم اللہ تعالٰی وجہہ الکریم ફર્માવે છે, જે કોઈએ મને એક હર્ફ પઢાવી દીધો તો તહકીકની સાથે તેણે મને પોતાનો બંદો (ગુલામ) બનાવ્યો, તે ચાહે તો વેચે તે ચાહે તો આઝાદ કરે.

હઝરત ઈમામ શમ્સુદ્દીન સખાવી મકાસિદે હસનહ્‌માં મોહદ્દિષ શઅબહ્ ઈબ્ને હજ્જાજ رحمۃ اللہ علیہ થી રિવાયત કરે છે કે તેમણે ફર્માવ્યું, "જેનાથી મેં ચાર પાંચ હદીષો લખી લીધી તો હું તેનો બંદો થઈ ગયો એટલે સુધી કે હું મરું." અને બીજા શબ્દોમાં ફર્માવ્યું :–

"જે કોઈના થકી એક હદીષ પણ લખી તો આખરી દમ સુધી હું તેનો બંદો (ગુલામ) થઈ ગયો."

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે. હુઝૂરે અકદસ صلی اللہ تعالٰی علیہ وسلم ફર્માવે છે, ઈલ્મ હાંસલ કરો અને ઈલ્મના માટે સુકૂન તથા વકાર શીખો અને જેનાથી તમે ઈલ્મ શીખી રહ્યા છો તેની સામે નમ્રતા તથા આજિઝી અપનાવો. (તિબ્રાનીએ અવસતમાં તથા ઈબ્ને અદીએ કામિલમાં) (અઝ : 'શર્હિલ હુકૂક લિતર્હિલ્ ઉકૂદ' ઈમામ અહમદ રઝામાંથી–સંપાદક)

## ★ ઔલાદના હક્કો ★

*(મશ્અતુલ્ ઈર્શાદે ઈલા હુકૂકલ્ ઔલાદ)*

**બિસ્મિલ્લાહિર્રહ્‌માનનિર્રહીમ**

**મસ્અલો** :– (અઝ સવરૂં, જિ. એટા, મહોલ્લા મલકઝાદગાન, મિર્ઝા હામિદ હુસૈન સાહબ ૭–જમાદીઉલ ઉલા, હિ.સ. ૧૩૧૦)

શું ફર્માવે છે ઉલમાએ દીન આ મસાઈલમાં કે, બાપ પર





છોકરાંનાં કેટલા હક્કો છે ? અને હક્કો હોવા છતાં જો બાપ અદા ન કરે તો તેમના માટે શરીઅતનો શું હુકમ છે ? વિગતે વર્ણન કરશો.

**અલ્જવાબ** :– અલ્લાહ عزوجل એ જો કે બાપનો હક્ક બેટા પર ખૂબ જ મહાન રાખ્યો એટલે સુધી કે પોતાના હક્કની સાથે તેનો ઉલ્લેખ કર્યો, (અર્થ : હક્ક માન મારો અને તારા મા બાપનો). પણ છોકરાનો હક્ક પણ બાપ ઉપર મહાન રાખ્યો છે કે એક તો ઈસ્લામનો હક્ક પછી પડોશનો હક્ક પછી રિશ્તેદારીની વિશિષ્ટતા ધરાવે છે. અને જેટલા પ્રમાણમાં વિશિષ્ટતા વધતી જાય છે એટલા પ્રમાણમાં હક્ક અધિક પ્રબળ થતો જાય છે. ઉલમાએ કિરામે પોતાની મહાન કિતાબો દા.ત. અહ્‌યાઉલ ઉલૂમ તથા અયનુલ ઈલ્મ તથા મુદખલ તથા કિમિયાએ સઆદત તથા ઝખીરતુલ્ મલૂક વગેરેમાં ઔલાદના હક્કોના બારામાં ખૂબ જ સંક્ષિપ્તરૂપે રજુઆત કરેલી છે. હું પણ કેવળ હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلمની મરફૂઅન્ હદીષો પ્રતિ ધ્યાન કેન્દ્રિત કરું છું અને ફઝલે ઈલાહી عزوجل થી ઉમ્મીદ કરુ છું કે ફકીરનું આ સંક્ષિપ્ત લખાણ એવું લાભદાયી તથા ફાયદામંદ, સમૃધ્ધ પુરવાર થાય કે તેનું દ્રષ્ટાંત લંબાણપૂર્વકના વર્ણનવાળી કિતાબોમાં ન મળે. એના અનુસંધાનમાં જેટલી પણ હદીષો ખુદાના ફઝ્લથી મારી યાદ શકિતમાં છે તેને વિગતવાર હવાલા સાથે લખું તો એક કિતાબ થાય અને મકસદ કેવળ હુકમો મેળવવાનો છે જેથી હું કેવળ તે હદીષો જે હક્કોના બારામાં ફર્માવી તેનો નીચોડ ટૂંકમાં રજુ કરું છું.

**(૧)** સૌથી પ્રથમ હક્ક ઔલાદ પેદા થાય એ પહેલાંનો એ છે કે માણસ પોતાનો નિકાહ કોઈ નીચ કૌમથી ન કરે કેમ કે બુરી રગ જરૂર રંગ લાવે છે.

**(૨)** દીનદાર લોકોમાં શાદી કરે કારણ કે બાળકોમાં નાના મામાની આદતો તથા ફેઅલોની પણ અસર પડે છે.

**(૩)** કાળા હબ્શીઓમાં સગાઈ ન કરે જેથી માંનો કાળો રંગ બાળકને કદરૂપ ન કરી આપે. (આ મુસ્તહબ બાબત છે.)

**(૪)** સંભોગની શરૂઆત **બિસ્મિલ્લાહ**થી કરે, નહીં તો બાળકમાં શૈતાન શરીક થઈ જાય છે.

**(૫)** એ વખતે સ્ત્રીની શર્મગાહ પર નજર ન કરે, કેમ કે એવું કરવામાં બાળકનાં આંધળા થવાનો ડર છે.

**(૬)** અધિક વાતો એ વખતે ન કરે કેમ કે (બાળકનાં) ગુંગા કે તોતાડા થવાનો ભય છે.

**(૭)** સ્ત્રી તથા પુરૂષ કપડું ઓઢી લે, જાનવરોની જેમ નગ્ન ન થાય, કેમ કે એવું કરવામાં બાળકનું બેહયા થવાનો ભય છે.

**(૮)** જ્યારે બાળક પેદા થાય તો તરત જ જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં ઈકામત કહે જેથી શૈતાનની દખલગીરી તથા વાઈની બીમારીથી બચે.

**(૯)** ખારેક અથવા કોઈ મીઠી ચીજ ચાવીને તેના મોઢામાં નાંખે જે અખ્લાકમાં મીઠાશનો સારો શુકન છે.

**(૧૦)** સાતમા, અને એ ન થઈ શકે તો ૧૪ મા અથવા ૨૧ મા દિવસે અકીકો કરે. છોકરીના માટે એક (ભાગ અથવા એક બકરું) છોકરા માટે બે કે એમાં બાળકને જાણે કે ગીરોમાંથી છોડાવવાનો છે.

**(૧૧)** એક જાંગ (માંસમાંથી) દાયણને આપે કે એ બાળકના તરફની શુક્રનાના રૂપે છે.

**(૧૨)** માથાના વાળો ઉતારે.

**(૧૩)** વાળોના વજન બરાબર ચાંદી ખૈરાત કરે.

**(૧૪)** માથા પર જાફરાન લગાડે.

**(૧૫)** બાળકનું નામ રાખે એટલે સુધી કે કાચા બાળકનું પણ નામ રાખે ઓછા દિવસોમાં થઈને મરી જાય, નહીં તો અલ્લાહ તઆલાને ત્યાં શિકાયત કરશે.

**(૧૬)** બુરું નામ ન રાખે કેમ કે એની ખરાબ અસરો થઈ શકે છે.





**(૧૭)** અબ્દુલ્લાહ, અબ્દુર્રહીમ, અહમદ, હામિદ વગેરે ઈબાદત તથા હમ્દ અથવા અંબિયા તથા અવ્લિયા અથવા પોતાના બુઝુર્ગોમાં (પૂર્વજોમાં) જે નેક લોકો થઈ ગયા તેમના પર નામ રાખે કે જે બરકતનો સબબ છે. ખાસ કરીને નામે પાકે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم કે એ નામની અમાપ બરકતો છે જે બાળકને દુનિયા તથા આખેરતમાં કામ આવે છે.

**(૧૮)** જ્યારે **મુહમ્મદ** નામ રાખે તો તેની તાઝીમ તથા અદબ જાળવે.

**(૧૯)** મજલિસમાં તેના માટે જગા છોડી આપે.

**(૨૦)** મારવા તથા બુરુ કહેવાથી સાવધાન રહે.

**(૨૧)** જે માંગે તે યોગ્ય પ્રમાણમાં આપે.

**(૨૨)** પ્યારમાં ટૂંકા લકબોમાં કદર વિનાનું નામ ન રાખે કેમ કે એકવાર પડેલુ નામ મુશ્કેલીથી જાય છે.

**(૨૩)** માનું અથવા નેક, નમાઝી સાલેહા, શરીફ કૌમની દાયણથી દૂધ બે વરસ સુધી પીવડાવે.

**(૨૪)** નીચ અથવા બદ્અખ્લાક સ્ત્રીના દૂધથી બચાવે કેમ કે દૂધ તબીઅતને બદલી નાખે છે.

**(૨૫)** બાળકનું ભરણ પોષણ, તેની જરૂરતનો સર્વ સામાન પૂરો પાડવો ખૂદ વાજિબ છે, જેમાં બાળકનો ઉછેર પણ આવી જાય છે.

**(૨૬)** પોતાની જરૂરિયાતો તથા શરીઅતે મુકર્રર કરેલ વાજિબોનો અદાયગી પછી જે બચે તેમાં સગાં સંબંધીઓ, મોહતાજો, ગરીબો એ સૌમાં અધિક હક્ક બીબી બાળકોનો છે, જે એમનામાંથી બચે તે અન્યો પાછળ વાપરે.

**(૨૭)** બાળકને **પાક કમાઈ થકી પાક રોઝી આપે** કેમ કે **નાપાક માલ નાપાક જ આદતો લાવે છે.**

**(૨૮)** ઔલાદની સાથે અતડાપણુ ન રાખે બલ્કે પોતાની

ઈચ્છાને તેમની ઈચ્છાને આધિન રાખે, જે સારી ચીજને તેમનો જીવ ચાહે તે તેમને આપીને તેમના લીધે પોતે પણ ખાય, વધારે ન થઈ શકે તો તેમને ખવડાવે.

**(૨૯)** ખુદાની આ નેઅમતો (ઔલાદ) સાથે મહેરબાનીપૂર્વક મહોબ્બતપૂર્ણ વર્તન રાખે, તેમને પ્યાર મહોબ્બત કરે, શરીર સાથે લપેટે, અને બેસાડે, તેમને હસાવવા, રમાડવા, બહેલાવવાની વાતો કરે.

**(૩૦)** તેમનું મન રાજી રાખે, દિલ જીતે, છૂટછાટથી વર્તે તથા તેમની હિફાઝત દરેક વખતે રાખે એટલે સુધી કે નમાઝ તથા ખુત્બામાં પણ તમનો લેહાઝ રાખે.

**(૩૧)** નવો મેવો, નવુ ફળ પ્રથમ તેમને આપે કે તેઓ પણ તાજાં ફળો છે, અને નવાને નવુ મુનાસિબ છે.

**(૩૨)** કદી કદી પ્રમાણસર તેમને મીઠાઈ વગેરે ખાવાની, પીવાની રમવાની સારી ચીજો કે જે **શરીઅતની રૂએ જાઈઝ હોય** તે આપે.

**(૩૩)** બહેલાવવા માટે જૂઠો વાયદો ન કરે બલ્કે બાળકથી પણ તે જ વાયદો જાઈઝ છે જેને પૂર્ણ કરવાનો ઈરાદો રાખતા હોઉં.

**(૩૪)** પોતાનાં કેટલાંક બાળકો હોય તો એમાંથી જે ચીજ આપે તે સૌને સરખી આપે, એકને બીજા પર દીની ફઝીલત વિના અગ્રિમતા ન આપે.

**(૩૫)** સફરેથી આવે તો એમનાં માટે કાંઈ ન કાંઈ તોહફો જરૂર લાવે.

**(૩૬)** બીમાર હોય તો ઈલાજ કરે.

**(૩૭)** શકય હોય ત્યાં સુધી સખ્ત તથા મૂઝી ઈલાજથી બચાવે.

**(૩૮)** જીભ ખુલતાં જ અલ્લાહ, અલ્લાહ પછી લાઈલાહ ઈલ્લલ્લાહ પછી પૂરો કલમાએ તૈયબહ્ શીખવાડે.





**(૩૯)** જ્યારે સમજ આવે તો અદબ શીખવાડે, ખાવા પીવા, હસવા, બોલવા, ઉઠવા, બેસવા, ચાલવા, ફરવા, હયા, લેહાઝ, બુઝુર્ગોની તાઝીમ, મા બાપ, ઉસ્તાદ અને પુત્રીને ફર્માંબરદારીના તરીકા તથા નિયમો બતાવે.

**(૪૦)** કુર્આન શરીફ પઢાવે.

**(૪૧)** ઉસ્તાદ નેક, સાલેહ, મુત્તકી, સહીહુલ અકીદા, ઉમરવાળાને સોંપે અને પુત્રીને નેક, પારસા ઔરત થકી પઢાવે.

**(૪૨)** કુર્આન ખત્મ કર્યા બાદ હમેશાં તિલાવતની તાકીદ રાખે.

**(૪૩)** ઈસ્લામી અકીદા તથા સુન્નત શીખવાડે કેમ કે કુમળુ માનસ ઈસ્લામી ફિતરત તથા હક્ક સ્વીકારનાર હોય છે એટલા માટે એ સમયનું બતાવવું પથ્થરની લકીર સાબિત થશે.

**(૪૪)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બત તથા તાઝીમ તેમનાં દિલોમાં નાખે કે અસલ ઈમાન તથા અયને ઈમાન છે.

**(૪૫)** હુઝૂરે અકદસ, રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની આલ તથા અસ્હાબ તથા ઔલિયા તથા ઉલમાની મહોબ્બત તથા અઝમતની તાલીમ આપે કે સુન્નતની અસલ તથા ઈમાનનું ઝવેર બલ્કે ઈમાનની સલામતીનો એ સબબ છે.

**(૪૬)** સાત વરસની ઉમરથી નમાઝની મૌખિક તાકીદ શરૂ કરે.

**(૪૭)** ઈલ્મે દીન વિશેષતઃ વુઝૂ, ગુસ્લ, નમાઝ, રોઝાના મસાઈલ, તવક્કુલ, કનાઅત (થોડામાં રાજી), ઝોહદ, ઈખલાસ, નમ્રતા, અમાનત, સચ્ચાઈ, ન્યાય, હયા, સીના તથા ઝબાન (છાતી તથા જીભ)ની હિફાઝત વગેરે ખૂબીઓના ફઝાઈલ શીખવાડે તથા લોભ, લાલચ, વાહ વાહ મેળવવાનો મોહ, દુનિયાનો મોહ, રિયાકારી, ઘમંડ તથા ગુરૂર, ખયાનત, જૂઠ, ઝુલ્મ, બિભત્સવાણી–વર્તન, ગીબત, હસદ કીનો વગેરે બુરાઈઓની ખરાબી વિશે શીખવાડે.

**(૪૮)** પઢાવવા શીખવવામાં પ્રેમાળ વર્તાવ તથા નરમી રાખે.

**(૪૯)** પ્રસંગોપાત આંખો બતાવે, ધમકાવે, ચેતવણી આપે પણ તેને બુરૂ ભલુ ન કહે, કેમ કે એવું કરવું એના માટે સુધારણાનો સબબ બનશે નહીં, બલ્કે વધારે તોફાની થવાનો ભય છે.

**(૫૦)** મારે તો મોઢા પર ન મારે.

**(૫૧)** મારવા કરતાં મોટા ભાગે ડરાવવા પર જ સંતોષ માને, કોરડા, ચાબુક નજરો સમક્ષ રાખે જેથી દિલમાં ધાક જામે.

**(૫૨)** તાલીમના સમયમાં એક સમય રમવાનો પણ આપે જેથી તબીયતમાં ખુશી બાકી રહે.

**(૫૩)** પણ કદી પણ બુરી સોહબતમાં ન બેસવા દે, કેમ કે બુરો યાર બુરા સાપથીયે બદતર છે.

**(૫૪) કદી પણ ઈશ્કી શેર શાયરીવાળી ચોપડીઓ વગેરે તથા ગઝલો, ફિસ્કીયાત (બિભત્સ ચિત્રોવાળી બુકો) ન જોવા દે,** (હાલ તો ટી વી. પર શું ગંદા દ્રશ્યો નથી આવતાં ! તો ઘરમાં ટી.વી. ન વસાવે અને અન્યના ત્યાં પણ ન જાય તે માટે સમજાવે.) કારણ કે કુમળુ ઝાડ જેમ વાળીએ તેમ વળે છે. સહીહ હદીષ શરીફથી સાબિત છે કે છોકરીઓને સૂરએ યૂસુફ શરીફનો તર્જુમો પઢાવવામાં ન આવે કેમ કે તેમાં નારીના ધોકોના ઉલ્લેખ આવ્યો છે. વળી બાળકોને શાયરીઓની બુરાઈઓમાં નાખવું કઈ રીતે યોગ્ય હોઈ શકે છે.

**(૫૫)** જ્યારે દસ વરસનો થાય તો માર મારીને નમાઝ પઢાવે.

**(૫૬)** આ ઉમરથી પોતાની સાથે કે અન્યની સાથે ન સૂવડાવે, અલગ બિછાના પર અલગ પલંગ પર પોતાની નજીક રાખે.

**(૫૭)** જ્યારે યુવાન થાય તો શાદી કરી આપે અને શાદીમાં તે જ બાબતો કૌમ વિશે, દીન વિશે, ચાલ ચલણ વિશે તથા સૂરત વિશેનો ખયાલ રાખે.

**(૫૮)** હવે જો એવું કામ કહેવું હોય જેમાં નાફર્માનીની સંભાવના હોય તો એવું કામ હુકમના રૂપે ન કહે બલ્કે મિત્ર ભાવે પ્રેમપૂર્વક



મા બાપના હક્કો

મશ્વરા રૂપે કહે જેથી તે મા બાપની નાફર્માનીની બલામાં ન પડે.

**(૫૯)** તેને વારસામાંથી બાકાત ન કરે, જેમ કે કેટલાક લોકો પોતાના કોઈ વારસદારોને ન પહોંચે (મળે) એ હેતુથી પૂરી જાયદાદ બીજા વારસ અથવા કોઈ ગૈરના નામે લખી આપે છે.

**(૬૦)** પોતાના મર્યા પછી પણ તેમની ફિકર રાખે એટલે કે ૨/૩ વારસો છોડી જાય, જેથી ત્રીજા ભાગથી વધુ ખરાબ ન કરે.

આ સાઈઠ હક્કો તો પુત્ર–પુત્રીના છે બલ્કે બે હક્ક છેલ્લા છે એમાં સર્વ વારસો સામેલ છે.

અને પુત્રના ખાસ હક્કોમાંથી છે :–

**(૬૧)** લખવું (૬૨) પઢવું (વાંચવું) (૬૩) સિપાહીગીરી શીખવાડે.

**(૬૪)** સૂરએ માએદહ્‌ની તાલીમ આપે.

**(૬૫)** એલાની સાથે તેની ખત્ના કરે.

ખાસ છોકરીના હક્કોમાંથી છે :–

**(૬૬)** તેણીના પેદા થતાં નારાજગી ન દર્શાવે બલ્કે એને અલ્લાહની નેઅમત જાણે.

**(૬૭)** સીવવા, વણવાનુ, કાંતવાનુ, ખાવા પકાવવાનું શીખવાડે.

**(૬૮)** સૂરએ નૂરની તાલીમ આપે.

**(૬૯)** લખવાનું હરગિઝ ન શીખવાડે કે ફિત્નાનો ભય છે.

**(૭૦)** પુત્રો કરતાં તેમની ખુશીનો વધુ ખયાલ રાખે અને એ બાબતે કાળજી રાખે કેમ કે તેમનું દિલ ઘણુ જ સંકુચિત હોય છે.

**(૭૧)** કોઈ ચીજ આપવામાં પુત્રો તથા પુત્રીઓમાં સમાન માપ રાખે.

**(૭૨)** જે ચીજ આપે તે પ્રથમ તેણીઓને આપે પછી પુત્રોને આપે.

(૭૩) નવ વરસની વયથી ન પોતાની પાસે સૂવાડે ન ભાઈ વગેરેની પાસે સૂવાડે.

(૭૪) આ વયથી ખાસ નજર રાખે.

**(૭૫) શાદી વગેરેમાં જ્યાં ગાયનો તથા નાચ વગેરે હોય ત્યાં કદાપિ જવા ન દે ભલે પછી ખાસ પોતાના ભાઈને ત્યાં જ કેમ ન હોય! કેમ કે ગાણુ સખ્ત સંગીન જાદૂ છે** (જે લોકો પોતાની પુત્રીઓ બેહેનોને ફિલ્મો, ટી.વી. પ્રોગ્રામો જોવાની છૂટ આપે છે, તેઓ આના પરથી બોધ લે.– અનુ.) અને આ નાઝુક કાચોને થોડીક ઠેસ બહું જ થઈ પડે છે. બલ્કે અન્ય લોકોને ત્યાં જવા પર તદ્દન પાબંદી લગાડી દે, તેણીને ઘરમાં જ રોકી રાખે.

(૭૬) ઉપલા માળો પર ન રહેવા દે.

(૭૭) ઘરમાં લિબાસ તથા ઘરેણાંથી સજાવે જેથી મંગનીના પયગામ એના આકર્ષણથી આવે.

(૭૮) જ્યારે યોગ્ય રિશ્તો મળે તો નિકાહમાં વાર ન લગાડે.

(૭૯) શકય હોય ત્યાં સુધી ૧૨ વરસની વયે પરણાવી દે.

**(૮૦) કદાપિ કદાપિ કોઈ ફાસિક ફાજિર ખાસ કરીને બદ્મઝહબ (વહાબી, દેવબંદી વગેરે)ના નિકાહમાં ન આપે.**

આ ૮૦ હક્કો છે જે અત્યારે મરફુઅન્ હદીષો થકી ખયાલમાં આવ્યા **તેમાં મોટાભાગના તો મુસ્તહબ છે કે જેના છોડી દેવાથી મુદ્દલે કોઈ પૂછતાછ નથી,** અને અમુકના માટે કિયામતમાં પકડ થશે પણ દુનિયામાં પુત્રે (હક્કો બાબતે) બાપની પકડ કરવાની નથી ન તો જબદસ્તી કરવાની છે. **પુત્ર માટે એ જાઈઝ નથી કે એના માટે બાપ સાથે ઝઘડો કરે,** સિવાય અમુક હક્કોના કે એમાં જોર, દાવો તથા એતરાઝ કરી શકે છે.

**પ્રથમ** :– ભરણ પોષણ જે બાપ પર વાજિબ થયું અને તે ન આપે તો હાકિમ જબરદસ્તી મુકર્રર કરશે, ન માને તો કૈદ કરવામાં આવશે. જો કે (ભરણ પોષણ સિવાય) કોઈ અન્ય બાબતે બાપને કેદ





કરીને રાખવામાં નહીં આવે.

**બીજું** :– દૂધ પીવડાવવું કે માંને દૂધ ન હોય તો દૂધ પીવડાવનારી રાખે. વગર પગારની ન મળે તો પગારથી પૂરી પાડવી વાજિબ. ન પૂરી પાડે તો (હાકિમ થકી) જબરદસ્તી લેવામાં આવે. જ્યારે કે બાળકનો પોતાનો માલ ન હોય. એ જ પ્રમાણે માંને તલાક બાદ ઈદ્દત ગુજર્યા પછી વગર પગારે દૂધ ન પીવડાવે તો તેને પણ પગાર આપવામાં આવશે.

**ત્રીજું** :– બાળ ઉછેર, એટલે કે છોકરા સાત વરસ અને છોકરી નવ વરસની વયુ સુધી જે ઔરતો દા.ત. માં, નાની, દાદી, બહેન, માસી, ફોઈની પાસે રાખવામાં આવે અને જો એમાંનાં કોઈ પગાર વગર ન માને અને બાળક ફકીર અને બાગ ગની છે તો જબરદસ્તી પગાર લેવામાં આવશે.

**ચોથુ** :– બાળકનો ઉછેર થયા બાદ બાળકને પોતાની હિફાઝતમાં લેવું બાપ પર વાજિબ છે, જો ન લે તો હાકિમ જબરદસ્તી કરશે.

**પાંચમુ** :– એ કે તેમના માટે અગાઉથી વારસો છોડવો કેમ કે મૃત્યુ પથારીએ મુરિષ (વારસો મૂકી જનાર) તેમ કરવા માટે લાચાર હોય છે, એટલે સુધી કે ૧/૩ થી વધુની વસિયત વારસોની ઈજાઝત વિના લાગુ કરી શકાતી નથી.

**છઠ્ઠુ** :– એ કે પોતાનાં નાબાલિગ બાળકો ચાહે પુત્ર હોય કે પુત્રીને (ખાનદાન, માલ દૌલત સર્વ રીતે) અયોગ્ય ઠેકાણે અથવા મહેરે મિષ્લમાં ખૂબ જ પ્રમાણમાં વધઘટ સાથે પરણાવી દેવું જેમ કે પુત્રીની મહેર એક હજાર છે છતાં પાંચસો પર નિકાહ કરી આપવો અથવા વહુની મહેર પાંચસો પરથી હજાર બાંધી લેવી. અથવા છોકરાના નિકાહ કોઈ બાંદી સાથે અથવા પુત્રીના કોઈ એવા શખ્સ સાથે જે મઝહબ અથવા નસબ અથવા ધંધાકીય રીતે અથવા કામકાજ (ધંધો) અથવા માલમાં અયબદાર હોય જેના લીધે નિકાહ કરવો શરમજનક હોય, એકવાર તો એવો નિકાહ બાપે કરેલો નિકાહ લાગુ

થાય છે જ્યારે કે નશામાં ન હોય પણ બીજીવાર પોતાની કોઈ નાબાલિગ ઔલાદનો એવો નિકાહ કરશે તો તે મુદ્દલે થશે જ નહીં, જેમ કે મેં કિતાબુન્નિકાહ (ફતવાએ રિઝવિય્યહ્)માં વર્ણન કર્યું છે.

**સાતમુ :–** એક કે ખત્નામાં પણ એક સ્થિતિ જબરદસ્તી કરવાની છે તે એ કે જો આખા શહેરના લોકો ખત્ના કરવાનું છોડી આપે તો સુલ્તાને ઈસ્લામ તેઓને મજબૂર કરશે અને ન માને તો તેમના પર જેહાદ કરશે, જેમ દુર્રે મુખ્તારમાં છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

## ★ મુસલમાનના હક્કો ★

એક મુસલમાન પર બીજા મુસલમાનનાં શું હક્ક છે, તેની સંક્ષિપ્ત ચર્ચા હદીષો થકી નીચે રજુ કરવામાં આવે છે.

**(૧)** સરકાર મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે : કોઈ નેકીને મામૂલી ન જાણો ભલે તે એટલું જ કે તું તારા ભાઈ સાથે ખુશ ચહરે વર્તે. આ હદીષને ઈમામ મુસ્લિમે હઝરત અબૂઝર رضی اللہ عنہ થી રિવાયત કરી.

આ હદીષ શરીફથી જણાયું કે મુસલમાન ભાઈની સાથે ખુશ ચહેરે મળવું એ પણ મોટી નેકી છે. એને તથા એના જેવી અન્ય નેકીઓને મામૂલી જાણવી ન જોઈએ અને એ કે મુસલમાનનો બીજા મુસલમાન ભાઈ પર એ હક્ક છે કે જ્યારે તેને મળે ત્યારે ખુશ ચહેરે (હસતે ચહેરે) મળે.

**(૨)** રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્ત્રીઓને સંબોધીને ફર્માવ્યું, હે મુસલમાન ઔરતો ! હરગિઝ કોઈ પડોશણ બીજી પડોશણને હલકી ન જાણે ભલે તેનો તોહફો બકરીની ખરી જ કેમ ન હોય. આ હદીષને ઈમામ બુખારી તથા મુસ્લિમે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવયાત કરી.

એટલે કે કોઈ સ્ત્રી પોતાની પડોશની સ્ત્રીને નીચી ન સમજે ભલે તે તોહફામાં બકરીની ખરી જેવી કોઈ મામૂલી ચીજ જ મોકલે. બલ્કે તેના દરેક હદિયાની કદર કરે, શિકાયત ન કરે.





એક અન્ય હદીષમાં આવ્યું કે, "ભલે તે તોહફો બકરીની બળેલી ખરી જ હોય." આ હદીષમાં ઔરતોને ખાસ સંબોધન એટલા માટે છે કે નેઅમતો (તોહફાઓ)ની નાકદરી તથા નાશુકરીનો માદ્દો (પ્રમાણ) તેમનામાં પુરૂષો કરતાં વિશેષ હોય છે.

મુસલમાનોને શરઈ કારણ વિના ઈજા પહોંચાડવી પણ તદ્દન હરામ છે. અલ્લાહ عزوجل ફર્માવે છે :–

وَالَّذِيْنَ يُؤْذُوْنَ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ بِغَيْرِ مَا اكْتَسَبُوْا فَقَدِ احْتَمَلُوْا بُهْتَانًا وَّاِثْمًا مُّبِيْنًا

"અને જેઓ ઈમાનવાળા પુરૂષો અને ઔરતોને વિના કારણે સતાવે છે તેમણે બોહતાન અને ઉઘાડો ગુનોહ પોતાના માથે લીધો." *(પા. ૨૨, રૂ. ૪, સૂ. અહઝાબ)*

**(૩)** હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, જેણે કોઈ મુસલમાનને ઈજા પહોંચાડી તેણે મને તકલીફ આપી અને જેણે મને તકલીફ આપી તેણે હક તઆલાને ઈજા પહોંચાડી. આ હદીષને ઈમામ તિબ્રાનીએ અવસતમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી.

**(૪)** ઈમામ રાફઈએ સૈયદના અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવયાત કરી કે સરકાર મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, અમારી જમાઅતમાંથી તે નથી જે કોઈ મુસલમાન સાથે દગો કરે અથવા તેને નુકસાન પહોંચાડે અથવા તેની સાથે પ્રપંચથી વર્તે.

એના અનુસંધાનમાં અસંખ્ય હદીષો છે, અહીં સૌ રજુ કરવાનો હેતુ નથી.

**(૫)** હઝરત મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, જેની સામે કોઈ મુસલમાનને બેઈજ્જત કરવામાં આવે અને તે શકિત હોવા છતાં તેની મદદ ન કરે, તેને હક્ક તઆલા કિયામતના દિવસે જાહેરમાં ઝલીલ તથા રુસ્વા કરશે. એને ઈમામ અહમદે સુહેલ ઈબ્ને હુનૈફથી સનદો સાથે રિવાયત કરી.

એનાથી અંદાઝો લગાડવો જોઈએ કે **જ્યારે કોઈ મુસલમાનની બેઈજ્જતી થતી હોય તેને જોઈને ખામોશ રહેનાર માટે આટલો મોટો દર્દનાક અઝાબ થશે તો ખૂદ મુસલમાનની બેઈજ્જતી કરવી એ કેટલા પ્રમાણમાં અઝાબ તથા અલ્લાહના ગઝબનો સબબ થશે ?** અલ્આઝુ બિલ્લાહહિ તઆલા.

**(૬)** રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની ઉમ્મત પર કમાલ દરજાની રહમત તથા ઈનાયત ફર્માવતા હોવાથી એને જાઈઝ નથી ફર્માવતા કે કોઈ મુસલમાનના નિકાહના પૈગામ પર બીજા કોઈ મુસલમાન નિકાહનો પયગામ મોકલે, અને ન એ કે કોઈ ભાવ પર બીજો કોઈ ભાવ લગાડે.

ઈમામ અહમદ અને ઈમામ બુખારી તથા મુસ્લિમે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે, નબી صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, કોઈ માણસ પોતાના ભાઈની મંગની થઈ જતાં તેના પર પૈગામ ન આપે, અને ન ભાવ નક્કી થઈ જતાં બીજો કોઈ તેના પર ભાવ કરે. આ બાબતમાં ઉકબા ઈબ્ને આમિર અને ઈબ્ને ઉમર رضی اللہ عنہمથી રિવાયત છે.

અહીં તો નેઅમત હાંસલ નથી થઈ અને ન તો તેના પર કબજો થયો તે પહેલાં આટલી સખ્તી સાથે મનાઈ છે તો જો કોઈની માલિકીના તથા કબજાના માલ પર હાથ ફેલાવે તો તે કેટલો ભારે જુલ્મો સિતમ ગણાશે ! અને તે કેટલા ભારે અઝાબનો સબબ બનશે !

**(૭)** હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, તે અમારામાંથી નથી જે અમારાં નાનાંઓ પર મહેરબાની ન કરે અને અમારા મોટાઓની મોટાઈ ન ઓળખે. આ હદીષને ઈમામ અહમદ તથા તિર્મિઝી અને હાકિમે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہماથી હસન સનદ સાથે બલ્કે સહીહ સનદ સાથે રિવાયત કરી.

**(૮)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, અમારા તરીકા પર તે નથી જે નાનાઓ પર રહમ અને મોટરાઓની ઈજ્જત નથી કરતો.

આ હદીષને ઈમામ અહમદ તથા તિર્મિઝી અને ઈબ્ને હબ્બાને





હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી જેની સનદ હસન છે અને એની જેમ તિબ્રાનીએ મોઅ્જમે કબીરમાં વાષિલહ્ ઈબ્ને અસ્કબ رضی اللہ عنہથી રિવાયત કરી.

**(૯)** રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, અમારામાંથી નથી જે નાનાઓ પર પ્રેમ નથી રાખતો અને મોટાઓનો હક્ક નથી પિછાણતો. અને તે અમારામાંથી નથી જે મુસલમાનને ધોકો આપે છે અને તે સમય સુધી મુસલમાન નથી થતો જ્યાં સુધી અન્ય ઈમાનવાળાઓ માટે તે જ પસંદ ન કરે જે પોતાના માટે પસંદ કરે છે. એ જ પ્રમાણે તિબ્રાનીએ કબીરમાં ઝમીરહ્ رضی اللہ عنہથી હસન સનદ સાથે રિવાયત કરી.

**(૧૦)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, સફેદ વાળવાળા (વૃધ્ધ)ની ઈજ્જત કરવી એ ખુદાની તાઝીમમાંથી છે. એને અબૂ દાઊદે મૂસા رضی اللہ عنہથી રિવાયત કરી.

**(૧૧)** જે મુસલમાન ઈલ્મે દીન ધરાવતો હોય એની સાથે બુરાઈ કરવી કેટલું ખરાબ છે એ કહેવાની જરૂરત નથી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, તે મારી ઉમ્મતમાંથી નથી જે અમારા મોટેરાંઓની (બુઝુર્ગની) તાઝીમ ન કરે અને નાનાઓ પર પ્રેમ ન રાખે અને અમારા આલિમના હક્કને ન ઓળખે.

એને ઈમામ અહમદે મુસ્નદમાં અને હાકિમે મુસ્તદરકમાં અને તિબ્રાનીએ કબીરમાં હઝરત ઓબાદા ઈબ્ને સામિત رضی اللہ عنہએ હસન સનદોથી રિવાયત કરી.

**(૧૨)** રસૂલે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, ત્રણ માણસો એવા છે કે તેમના હક્કો તે જ હલકો જાણશે જે મુનાફિક હોય, પ્રથમ તે શખ્સ કે ઈસ્લામમાં જેના વાળો સફેદ થઈ ગયા એટલે કે વૃધ્ધ મુસલમાન, બીજો આલિમ, ત્રીજો ન્યાયી બાદશાહ. એને તિબ્રાનીએ અબૂ અમામા رضی اللہ عنہથી રિવાયત કરી એવા તરીકાથી જેને ઈમામ તિર્મિઝીએ હસન કહ્યો છે બીજા મતનની સાથે. *(ફતાવાએ રિઝવિય્યહ, ભાગ–૧૦, પેજ–૨૦/૨૨)*